Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

|शार्दूलविक्रीडितवृत्तम् ॥|

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्हृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४९. कार्तिक आत्म सं. २७ | अंक ४ थो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.

| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
| --- | --- | --- | --- |
| ૧ દીપોત્સવી... ... ... ... | ૮૧ | ૭ સન્મિત્ર–સંગ્રહ. ... ... ... | ૮૭ |
| ૨ સહૃદય સજ્જન ભાઇ બ્હેનો પ્રત્યે બે બોલ. ... ... ... ... | ૮૨ | ૮ સંસાર દર્શન. ... ... ... | ૯૧ |
| ૩ અહિંસક વૃત્તિ. ... ... ... | ૮૩ | ૯ એક પિતાએ પોતાની પુત્રીને આપેલ બોધ. ... ... ... | ૯૪ |
| ૪ પવિત્ર રત્નત્રયીનું પ્રમાદ રહિત પાલન કરવાથી થતું આત્મ-કલ્યાણ. ... ... ... ... | ૮૩ | ૧૦ મોહરાજ–પરાજય નાટકનો પરિચય.... ... ... ... | ૯૫ |
| ૫ જૈન તરીકે આપણી ચોખ્ખી ફરજ. ... ... ... ... | ૮૫ | ૧૧ માનવ ચરિત્રનું મુખ્ય ઉપાદાન. | ૯૮ |
| ૬ ચેતનને ફટકા. ... ... ... | ૮૬ | ૧૨ પ્રકીર્ણ. ... ... ... ... | ૧૦૫ |
| | | ૧૩ વર્તમાન સમયમાં ગ્રંથાવ-લોકન. ... ... | ટાઇટલ ઉપર. |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ખાસ વાંચવા યોગ્ય જૈન ઇતિહાસિક ગ્રંથ—

# "શ્રી કુમારવિહાર શતક."

### ( મૂળ અવચૂરિ અને સવિસ્તર ભાષાંતર સાથે )

આ ગ્રંથના મૂળ કર્તા શ્રીમાન્ રામચંદ્ર ગણિ કે જેઓ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યના મુખ્ય વિદ્વાન શિષ્ય હતા. જેમણે આ ગ્રંથ બારમા સૈકાના અંતમાં બનાવ્યો છે, તેના ઉપર શ્રી સોમસુંદરસૂરિના પરિવારમાં થયેલા સુધાભૂષણ ગણીએ અવચૂરી (સંસ્કૃતમાં) બનાવી છે તે બંને સાથેનું સવિસ્તર ભાષાંતર પણ આ ગ્રંથમાં આપવામાં આપેલું છે. જેમ સંસ્કૃત કાવ્યની દૃષ્ટિએ આ ગ્રંથ પ્રતિભાવાન છે, જૈન સાહિત્યનું ઉચ્ચ સ્વરૂપ છે, તેમ જૈન ઇતિહાસની દૃષ્ટિએ તેરમા સૈકામાં જૈનોની જાહોજલાલી, ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશિલતા બતાવનાર પણ આ એક અપૂર્વ ગ્રંથ છે. કારણ કે આ ગ્રંથમાં ગુર્જરપતિ જૈન મહારાજા શ્રી કુમારપાળે અણહિલપુર પાટણમાં પોતાના પિતાશ્રી ત્રિભુવનપાલના નામથી બનાવેલ પ્રાસાદ ( જીનમંદિર કે જેમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિએ શ્રી પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠિત કરેલ છે; તે ચૈત્યમંદિરની અદ્ભુત શોભાનું ચમત્કારીક વર્ણન આપેલું છે. આ પ્રાસાદમાં બ્હોંતેર દેવકુલીકા હતા. ચોવીશ રત્નની, ચોવીશ સુવર્ણની, ચોવીશ રૂપાની અને ચોવીશ પીતળની, તેમ અતિત અનાગત અને વર્તમાન કાળના પ્રભુપ્રતિમા હતા. મુખ્ય મંદિરમાં એકસોચોવીશ આંગળ ચંદ્રકાન્તમણીની પ્રતિમા હતા. મંદિરનું બાંધકામ, રચના, તેનું ચિત્રકામ–શિલ્પકામની અપૂર્વ સુંદરતા એટલી બધી છે કે જે આ ગ્રંથ વાંચવાથી આત્માને અપૂર્વ આનંદ સાથે કુમારપાળ રાજાની દેવભક્તિ માટે આશ્ચર્ય ઉત્પન્ન થાય છે; સાથે તે વખતનો ઇતિહાસ પણ જાણવામાં આવે છે. ગ્રંથ ખરેખર વાંચવા–જાણવા જેવો છે.

આ ગ્રંથ લાંબો સમય સચવાય તે માટે ઉંચા ઇંગ્લીશ આર્ટ પેપર ઉપર સુંદર ટાઇપમાં છપાવેલ છે. તમામ લાભ લઇ શકે તે માટે પ્રત આકારમાં છપાવેલ છે પાટલી પણ ઉંચા કપડાની કરવામાં આવેલ છે છતાં કિંમત રૂા. ૧–૮–૦ પોસ્ટ ખર્ચ જુદો.

**લખો—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

" માત્ર જુજ નકલો સિલીકે છે "

# "યોગદર્શન અને યોગવિંશિકા."

આ ગ્રંથ યોગનો છે. જેમાં શ્રીમદ્ વ્યાસર્ષિ પ્રણીત્ ભાષ્ય, શ્રી પતંજલિ મુનિ વિરચિત પાતાંજળ યોગદર્શન અને તેના ઉપર ન્યાય વિશારદ ન્યાયાચાર્ય **શ્રીમદ્યશોવિજયજી મહારાજ** રચિત જૈન મતાનુસાર વ્યાખ્યા (વૃતિ) આપવામાં આવેલ છે. આ ગ્રંથમાં આવેલા જે જે વિષયોમાં સાંખ્ય અને જૈન શાસ્ત્રનો મતભેદ છે, તેમજ જે જે વિષયોમાં મતભેદ ન છતાં માત્ર વર્ણન–પદ્ધતિ અથવા સાંકેતિક શબ્દોનોજ માત્ર ભેદ છે તે તે વિષયોના વર્ણનવાળા સૂત્રો ઉપર વૃતિકારે વૃતિ લખી છે. એટલે કે યોગદર્શન તથા જૈનદર્શન સંબંધી સિદ્ધાંતોના વિરોધ અને મળતાપણાનો એક સંગ્રહ છે.

બીજો ગ્રંથ યોગવિંશિકા છે જેના મૂળના કર્ત્તા, ૧૪૪૪ ગ્રંથોના પ્રણેતા મહાન આચાર્ય શ્રીમાન્ હરિભદ્રસૂરિ છે અને તેની ટીકાના કર્ત્તા પણ શ્રી મદ્યશોવિજયજી ઉપાધ્યાયજ છે. આ બંને ગ્રંથો યોગના છે. તે બંને ગ્રંથો સંસ્કૃતમાં માત્ર ( યોગવિંશિકા મૂળ માગધિમાં ) છતાં યોગદર્શનની સવિસ્તર પ્રસ્તાવના તથા યોગવૃત્તિનો સાર એ બંને બહુજ વિદ્વતાથી ઘણીજ સહેલી રીતે હિંદિ ભાષામાં પ્રજ્ઞાચક્ષુ વિદ્વદ્વર્ય બંધુ સુખલાલજી સંઘવીએ લખી યોગ વિષે સારો પ્રકાશ પાડયો છે. જૈન સમાજમાં આવા ગ્રંથો પ્રસિદ્ધ થાય તે ઉચ્ચ પ્રકારે સાહિત્ય સેવા છે.

આ ગ્રંથ માત્ર જૈન સમાજનેજ ઉપયોગી છે તેમ નહીં પરંતુ અન્ય દર્શનો માટે પણ તે આશિર્વાદ સમાન છે. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી ઉંચા કાપડના સુશોભિત પાકા બાઇંડીંગ વડે અલંકૃત કરેલ છે. કિંમત રૂ. ૧–૮–૦ જલદી મંગાવો.

**શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


ઘણીજ થોડી નકલો સિલિકે છે.

## "પ્રાચીન જૈન લેખ સંગ્રહ (ઇતિહાસિક ગ્રંથ.)"

જૈનધર્મની ઐતિહાસિક દૃષ્ટિએ પ્રાચીનતા, ગૌરવતા, પ્રભાવશાલિતા, જણાવનાર કોઇ સાહિત્ય હોય તો પ્રથમ જૈન પ્રાચીન લેખો છે, કે જેનો એક આ અમુલ્ય સંગ્રહ છે.

કોઇપણ ધર્મની પ્રાચીનતા જાણુવા-જણાવવા માટે તામ્રલેખો શિલાલેખો; પ્રતિમા-મૂર્ત્તિ ઉપરના લેખો તે સત્ય પુરાવારૂપ છે અને તેથીજ આ "પ્રાચીન જૈન લેખ સંગ્રહ ગ્રંથ" જૈન અને જૈનેતર વિદ્વાનો, સાહિત્ય રસિકો, ઇતિહાસના પ્રેમીઓ માટે ઉપયોગી હોઇ પ્રકટ થયા પહેલાં ઘણી કોપીઓની માગણી થઇ ચુકી હતી.

આ ગ્રંથમાં શિલાલેખો અને પાષાણુ પ્રતિમા ઉપરના લેખોનોજ સંગ્રહ છે. આવા લેખ સંગ્રહ રાજકીય, સામાજીક, ધાર્મિક આદિ અનેક મહત્વની બાબતો અને અનેક વિવિધતાઓનો ઉલ્લેખ કરાયેલ હોવાથી જૈનદર્શન એકલાનાજ નહીં પરંતુ તે તે કાળના સાર્વજનિક ઇતિહાસ માટે તે ઘણું કિંમતિ થઇ પડેલ છે.

આ સંગ્રહમાં એકંદર ૫૫૭ લેખો છે. કયા લેખો કયાંથી મળ્યા અગર લેવામાં આવ્યા, તેની સુચના તે તે લેખના અવલોકનમાં વિસ્તારથી આપવામાં આવેલ છે.

આ સંગ્રહમાં જુનામાં જુનો લેખ નંબર ૩૧૮નો હસ્તીકુંડીનો છે, જે વિક્રમ સંવત ૯૯૬ ની સાલનો અને નવો લેખ ૧૯૦૩ ની સાલનો એટલે સમયની દૃષ્ટિએ વિક્રમની દશમી સદીથી વીસમી સદી સુધી એટલે કે એક હજાર વર્ષના લેખોનો આ ગ્રંથમાં સંગ્રહ છે. ટુંકામાં આ ગ્રંથ ઇતિહાસની દૃષ્ટિએ એટલો બધો પ્રિય થઇ પડેલ છે કે, જૈનેતર વિદ્વાનોની આ ગ્રંથ છપાતા એટલી બધી માગણી થયેલી હતી, કે હવે પછી તેની શિલિકે કોપી ઘણીજ થોડી છે. જેથી સાહિત્ય અને ઇતિહાસના પ્રેમીયો, જૈનધર્મની પ્રાચિનતા, ગૌરવતા જાણવાના જીજ્ઞાસુઓ જલદી મંગાવી લેશે

સદરહુ ગ્રંથ ઉંચા કાગળો ઉપર સુંદર શાસ્ત્રી ટાઇપથી છપાવી સુશોભિત બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. શુમારે આઠશેહ પાનાનો પંચાણું ફારમનો મોટો ગ્રંથ છતાં માત્ર રૂા. ૩-૮-૦ સાડાત્રણ રૂપૈયા કિંમત રાખવામાં આવેલ છે. પોસ્ટેજ જુદું.

---

થોડી નકલો બાકી છે, જલદી મંગાવો.

## શ્રી કુવલય માળા-કથા.

### સંસ્કૃતના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી અને લાઇબ્રેરીના શણગાર રૂપ.

આ સંસ્કૃત ગદ્ય પદ્યાત્મક ચંપૂ ગ્રંથ કે જે ખાસ રીતે ક્રોધ, માન, માયા લોભ અને મોહના કટુક વિપાકને અપૂર્વ દૃષ્ટાંતદ્વારા પ્રગટ કરનાર છે. આ ગ્રંથ સંસ્કૃતના અભ્યાસી હરકોઇને પઠન પાઠન માટે ઉપયોગી છે, શ્રીમાન્ રત્નપ્રભસૂરિની કૃતિનો આ બોધદાયક, ઉપદેશકારક, રસિક અને અભ્યાસને માટે ખાસ વાંચવા યોગ્ય છે, ઉંચા કેટ્રીજ પેપરો ઉપર નિર્ણયસાગર પ્રેસમાં સુંદર ટાઇપથી છપાયેલ, ઉંચા કપડાના સુશોભિત પાકા બાઇડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે, અઢીસે પાનાનો આ ગ્રંથ આટલો મોટો છતાં મુદ્દલથી પણ ઓછી કિંમત માત્ર દોઢ રૂપીયો રાખવામાં આવેલ છે. મળવાનું ઠેકાણું. શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


"તૈયાર છે. જલદી મંગાવો."

# શ્રી જૈનાચાર્યો તથા જૈન કવિઓ રચિત નાટકો.

જૈન આચાર્યો તેમજ કવિવરોએ દરેક પ્રકારના સાહિત્ય ઉપર દષ્ટિ ફેંકી, જૈન સમાજ તેમજ ઇતર દર્શનકારોને પોતાની અનેક કૃતિઓ બનાવી આશ્ચર્યચકિત કરી દીધા છે, તેટલુંજ નહીં પણ પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાટે પોતાની અપૂર્વ વિદ્વત્તા પ્રકટ કરી છે, તેવા નાટકો વાંચતા ભાષાના અભ્યાસની વૃદ્ધિ થાયછે અને વાચકને પણ ઘણું જ્ઞાન થવા સાથે જૈન દર્શનના ઇતિહાસ સાહિત્યનું પણ ભાન થાય છે, સાથે રસ પડતાં આત્માની પણ નિર્મળતા થાય છે. તેવા નાટકો નીચે મુજબ અમારા તરફથી પ્રસિદ્ધ થયા છે. ઊંચા કાગળો, સુંદર ટાઇપ અને સુશોભિત બાઇડીંગથી તે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. સર્વ એક સરખો લાભ લઇ શકે તે માટે કિંમત માત્ર નામની રાખી છે, તે નાટકો નીચે મુજબ છે.

૧ દ્રૌપદી સ્વયંવર નાટક ૦-૪-૦
૨ કરૂણાવજ્રાયુધ નાટક ૦-૪-૦
૩ કૌમુદી મિત્રાનંદ નાટક ૦-૮-૦
૪ પ્રબુધ રોહિણેય નાટક ૦-૬-૦
૫ ધર્માભ્યુદય નાટક ૦-૬-૦
(પોસ્ટેજ જુદું)

મળવાનું ઠેકાણું—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

જલદી મંગાવો. માત્ર થોડી નકલો સીલીકે છે. જલદી મંગાવો.

## જૈન પાઠશાળા, કન્યાશાળા અને પ્રકરણના અભ્યાસીઓને ખાસ લાભ.

જૈન પાઠશાળામાં અભ્યાસ કર્તા જૈન બાળકો અને કન્યાઓ તથા પ્રકરણના અભ્યાસીઓને માટે, પ્રકરણોના ત્રણ ગ્રંથો જૈનશાળામાં પ્રતિક્રમણ પૂર્ણ થયા પછી જે પ્રથમ ચલાવવામાં આવે છે, તે **૧ જીવવિચાર વૃત્તિ, ૨ નવતત્ત્વ અવચૂરિ, ૩ તથા દંડકવૃત્તિ** તે આ ત્રણ ગ્રંથો છે. તે એવી રીતે પ્રગટ કરવામાં આવેલ છે કે, મૂળ સાથે નીચેજ મૂળનું અને અવચૂરી સાથે નીચેજ અવચૂરિનું ગુજરાતીમાં ભાષાંતર આપવામાં આવેલ હોવાથી, તેમજ ભાષાંતર પણ શબ્દ અને અક્ષરસઃ સરલ અને સ્ફૂટ રીતે આપવામાં આવેલ હોવાથી, લઘુવયના બાળકો અને કન્યાઓને તે મોઢે કરવા કે અર્થ સમજવા બહુજ સુગમ પડે તેમ છે, શૈલી એવી રાખેલ છે કે વગર માસ્તરે પણ શીખી શકાય તેમ છે, જૈન પાઠશાળા, કન્યાશાળાઓમાં ખાસ ચલાવવા જેવી છે.

જૈન પાઠશાળા, કન્યાશાળા માટે મંગાવનારને ઘણી ઓછી કિંમતે (જુજ કિંમતે) માત્ર ધાર્મિક (કેળવણી) શિક્ષણના ઉત્તેજન માટે આપીશું. ધાર્મિક પરિક્ષા કે બીજા ઈનામના મેળાવડામાં ઇનામ માટે મંગાવનારને પણ અલ્પ કિંમતે આપીશું.

અન્ય માટે પણ મુદલ કરતાં ઓછી કિંમત રાખવામાં આવેલ છે.

૧ નવતત્ત્વનો સુંદર બોધ—પાકી કપડાની બાઈડીંગ રૂા. ૦-૮-૦ આઠ આના, કાચું બાઇડીંગ માત્ર રૂા. ૦-૬-૦ છ આના.
૨ જીવવિચાર વૃત્તિ પાકા બાઈડીંગની માત્ર રૂા. ૦-૪-૦ ચાર આના.
૩ દંડક વિચારવૃત્તિ પાકા બાઈડીંગના માત્ર રૂા. ૦-૫-૦ પાંચઆના (પો. જુદું.)


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां विधत्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेष्वप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ कार्तिक. आत्म॰ संवत् २७. [ अंक ४ थो.

ॐ

## दीपोत्सवी.

वा

## श्रीमान् वीरप्रभुनो कैलासवास.

સદ્બોધીને "સ્યાદ્વાદ" ષટ્દસ પ્રહર જે ભવિ પ્રાણીને,
માનવ જનમની શ્રેષ્ઠતા બતલાવી કરૂણા આણીને;
"શ્રીવીર" નમીએભ્રાત ! આજે સિદ્ધ જગમાં જે થયા,
કૃત કૃત્ય થઇ કૈલાસમાં **દીપોત્સવી** દીન તે ગયા.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સહૃદય સજ્જન ભાઇ બ્હેનો પ્રત્યે બે બોલ.

( લે૦ સદ્‌ગુણાનુરાગી કપૂરવિજયજી. રાજપુર ( ડીસા )

૧ પ્રમાદવશ આપણે ઘણું ગુમાવ્યું છે ને ગુમાવીએ છીએ. માદક ( મદલાવે એવા ) પદાર્થોનું વારંવાર સેવન, પાંચે ઇન્દ્રિયોના વિવિધ વિષયોમાં આસક્ત-લોલુપ બની જવું, ક્રોધાદિક કષાયથી અંધ થવું, આળસ-નિદ્રાને વધારવી, તેમજ વિકથા-કુથલીઓમાં વખત ગુમાવવો એ બધા સ્વચ્છંદ આચરણોવડે આપણી ભારે પાયમાલી થઇ છે. સુખના અર્થી જનોએ હવે જાગ્રત્ થઇ પ્રમાદ તજવો જોઇએ.

૨ સમયોચિત કર્તવ્યનું ભાન, કર્તવ્ય નિષ્ઠા અને કર્તવ્ય-પાલન કરવાથી દુઃખનો અંત કરી જરૂર સુખી થઇ શકાય છે.

૩ કર્તવ્ય-ધર્મની ઉપેક્ષા કરવાથી જ ભારે હાનિ થાય છે.

૪ શ્રીમદ્ ઉપાધ્યાયજી જેવા જ્ઞાની : મહાત્માઓ કહે છે કે-" નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, પાળે જે વ્યવહાર; પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર. મનમોહન જિનજી " મોક્ષ-સુખ રૂપ નિશ્ચિત સાધ્ય બરાબર લક્ષમાં રાખીને તેને પ્રાપ્ત કરવા જે જે યોગ્ય વ્યવહાર સાધનો આપ્ત પુરૂષોએ બતાવ્યાં છે તેનું પ્રેમથી પાલન કરનાર સજ્જનો જરૂર દુઃખનો અંત કરી અક્ષય અવિનાશી સુખ મેળવી શકે છે.

૫ મન અને ઇન્દ્રિયોનો નિગ્રહ કરી સંતોષ વૃત્તિથી એક નિષ્ઠ બની સંયમનું પાલન કરવું એ અક્ષય સુખ રૂપ મોક્ષ પામવાની ખરી ચાવી છે. વિષયાંધ-મોહાન્ધ જીવોને તે પ્રાપ્ત થવી દુર્લભ છે. મોહ તજ્યાથી તે સહેજે સાંપડી શકે છે.

૬ કઇક મુગ્ધજનો, મોક્ષ સાધક શુદ્ધ વ્યવહાર ધર્મનું પાલન કરવા ઘટતો આગ્રહ રાખવાને બદલે કેવળ કલ્પિત લૌકિક વ્યવહારનું જ પાલન આગ્રહથી કરવામાં મોટાઇ માને છે તેથીજ તેઓ સત્ય સુખથી બેનશીબ રહે છે, ખરા સુખના અર્થીજનોએ તો ખસુસ કરીને શુદ્ધ વ્યવહાર માર્ગનો જ આદર દૃઢ આગ્રહ પૂર્વક કરવો જોઇએ. તે પણ લોકરંજન અર્થે નહીં પણ નિષ્કામ-નિસ્વાર્થપણે આત્મ સંતોષ અર્થે જ કરવો ઘટે.

૭ સાચું સુખ આત્મ સંતોષવડે જ માપી શકાય છે. બીજાથી નહીં.

ઇતિશમ્.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# अहिंसक–वृत्ति.

"અહિંસા પરમધરમ" પહિચાનો, ષટ્ દરશન દરશિત જાનો૦ અહિંસા.
અહિંસા શબ્દ સુકોમલ લાગે, કોમલ હૃદય બનાવે;
કરવા વ્યાપક વિશ્વ વિષે નિત્ય, પ્રાજ્ઞ પુરૂષ સમજાવે. અહિંસા.
જ્યાં જ્યાં અહિંસા પ્રતિષ્ઠા પામે, વૈર વિનાશ ત્યાં થાવે;
પ્રભુ ઉપદેશ સમય સહુ પ્રાણી, વિરોધ છતાં મલી જાવે. અહિંસા.
સમોવસરણનું શાસ્ત્ર સહાયથી, દશ્ય હૃદયપર ધર તું;
અહિંસક વ્રત જિનવરનું દેખી, તન્મય તાદશ કર તું! અહિંસા.
મૈત્રી અમંદ આનંદ કરાવે, દ્વંદ્વ પણ દૂર જાવે;
પ્રાણી સકલ આતમ વત્ ગણતા, પ્રગટે પ્રેમ સ્વભાવે. અહિંસા.
હિંસા શબ્દ છે ક્રૂર કઠોર ને, કંપિત હૃદય કરાવે;
વર્તમાન વિગ્રહ પર દૃષ્ટિ, કરતાં અતિ દુ:ખ થાવે. અહિંસા.
આત્મ સ્વતંત્રતા આત્મ ધર્મ વિણ, નહિં સમજાશે ભ્રાતુ!
મેળવવા હરદમ સત્ સંગત–શાસ્ત્ર પરિચિત થા તું. અહિંસા.

વિજ્યા દશમ–મુંબઇ
દાક્ષાણિ બિલ્ડિંગ. } વેલચંદ ધનજી.

# પવિત્ર રત્નત્રયીનું પ્રમાદ રહિત પાલન કરવાથી થતું આત્મકલ્યાણ.

૧ સમ્યગ્=યથાર્થ દર્શન=તત્વાર્થ શ્રદ્ધાનરૂપ સમ્યકત્વ, તત્વાર્થ અવબોધ રૂપ સમ્યગ્જ્ઞાન તથા હિંસાદિક દોષોથી નિવર્તી, અહિંસા–દયા સત્યાદિક વ્રત નિયમો પાળવામાં પ્રવૃત્તિ કરવા રૂપ સમ્યક્ ચારિત્ર એ પવિત્ર રત્નત્રયીનું સદ્ભાવથી સેવન–આરાધન કરનારા સદ્ભાગી સજ્જનો જન્મ મરણ સંબંધી સકળ કલેશોનો અંત કરી, અક્ષય, અનંત અવિનાશી એવું મોક્ષ સુખ નિ:શંકપણે મેળવી શકે છે.

૨ પરંતુ જે મંદભાગી જનો વિપરીત શ્રદ્ધારૂપ મિથ્યાત્વવડે પૂર્વોક્ત સમ્યક્ત્વનો અનાદર મંદ આદર અથવા લોપ કરે છે, અજ્ઞાન, સંશય કે વિપરીત બોધવડે તત્વજ્ઞાનનો અનાદર કરે છે અને વિષય કષાયાદિક પ્રમાદ વશ બની હિંસાદિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દોષોમાં આસક્ત થઇ, અહિંસા સંયમાદિક પવિત્ર ચારિત્રનો અનાદર કે લોપ કરે છે તે બાપડા જન્મ મરણ સંબંધી અનંત કલેશોને પામે છે.

૩ અનંત ભવ ભ્રમણ કરતાં મહા મુશીબતે પામી શકાય એવી સકળ દુર્લભ ધર્મ–સામગ્રી પામીને ઉપર જણાવેલા દોષોવડે પૂર્વોક્ત રત્નત્રયીનું સેવન કરી લેવામાં કોણ હતભાગી જનો આળસ–પ્રમાદ યા ઉપેક્ષા કરીને પ્રાપ્ત સામગ્રીનો લાભ ચુકી તેને નિષ્ફળ–નિરર્થક કરી મૂકે ? સુજ્ઞ–ચકોર જનો તેમ નજ કરે.

૪ માદક પદાર્થનું સેવન પાંચે ઇન્દ્રિયોના વિવિધ વિષયોમાં ગૃદ્ધિ કષાય અંધતા, અતિઘણી નિદ્રા–આળસ અને વિકથા–કુથલીઓમાં અતિ ઘણી પ્રીતિરૂપ પ્રમાદ ( સ્વચ્છંદ ) આચરણથીજ જન્મ મરણનો ત્રાસ વધતોજ જાય છે. તેમાંથી જે ડહાપણથી બચે તેજ ચકોર.

૫ ચિન્તામણી રત્નને કાગ ઉડાડવામાં વણશી નાંખે અને અમૃત રસને પગ પખાળવામાંજ વાપરી નાંખે એવી મૂર્ખાઇભરી વિપરીત કરણીવડે પામરજનો દુર્લભ ધર્મ સામગ્રી કેવળ હારી જાય છે.

૬ જે મુગ્ધજનો આ દુર્લભ માનવ દેહાદિક સામગ્રી પુન્યજોગે પામ્યા છતા પ્રમાદ રહિત આત્મસાધન કરી નથી લેતા તેઓને અંતે પસ્તાવાનો વખત આવે છે. તેમ કરતાયે અંતે કશું વળતું નથી.

૭ હંસની જેમ અશુદ્ધ તત્ત્વને તજી, શુદ્ધ તત્ત્વ આદરી લેવું એટલે દોષ–અવગુણ તજી ગુણ આદરવા એજ વિવેકી જનને ઉચિત છે.

૮ આત્મ–તત્ત્વને કર્મ–મેલથી જૂદું પાડી લેવા તપ જપ સંયમનો ખપ કરી, આત્માને શુદ્ધ કરવો એ આ માનવ દેહ પામ્યાનું ફળ છે.

૯ હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્યનો ઠીક વિચાર કરી અહિતકારી તજી, હિતમાર્ગ આદરવા ઉજમાળ થાવું એ સદ્બુદ્ધિ પામ્યાનું ફળ છે. જાણી જોઇને અકાર્ય કરનાર અંધ છે.

૧૦ નિઃસ્વાર્થપણે શુભ પાત્રને પોખવું એ પૈસો પામ્યાનું ફળ છે.

૧૧ સામાને હિત–સંતોષ ઉપજે એવું પ્રિય ને પથ્ય બોલવું એ વાચા શક્તિ પામ્યાનું ફળ છે. સમયોચિત બોલી નહીં જાણનાર મૂક–મૂંગો છે.

૧૨ જેવી સુખ દુઃખની લાગણી આપણને છે તેવી બીજાને પણ છે. સુખ સહુને પ્રિય અને દુઃખ અપ્રિય લાગે છે એમ સમજી કોઇને દુઃખ ઉપજે એવું આચરણ નહીં કરતા સદાય સુખદાયી સદાચરણજ સેવવું.

૧૩ સહુને આપણા આત્મા સમાન લેખી તેમનું હિત ચિન્તનજ કરવું.

૧૪ કોઇ દીન–દુઃખીને દેખી તેનું દુઃખ ફેડવા આપણાથી બનતું કરી છુટવું.

૧૫ ગમે તેને સુખી કે સદ્ગુણી જાણી કે સાંભળી મનમાં લગારે ખેદ લાવ્યા વગર આપણે રાજી થાવું અને જેથી સુખી ને સદ્ગુણી થવાય એવા સન્માર્ગે ચાલવા તથા ઉન્માર્ગ તજવા મનમાં નિશ્ચય કરવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૬ ગમે એવી ભૂંડાઇ કરનાર ઉપર પણ કરૂણા લાવી તેને સુધારવા પ્રયત્ન કરતા છતાં તે સુધરી શકે એમ નજ લાગે તો તેનાથી અલગા રહેવું પણ તેના ઉપર રોષ લાવી નાહક આપણું બગાડવું નહીંજ.

૧૭ પાત્રતા વગર પ્રાપ્તિ ના હોય. પૂર્વોક્ત રત્નત્રયીની પ્રાપ્તિ માટે પાત્રતા લાયકાત અવશ્ય મેળવવી જોઇએ. દોષ દ્રષ્ટિ તજી ગુણ દ્રષ્ટિ આદરવી માર્ગાનુસારી થવા માટે ન્યાય—નીતિને પ્રમાણિકતાને પ્રાણ સમા લેખવાં અને સત્યને પ્રાણાન્તે પણ અખંડ પાળવું. શુદ્ધ તત્ત્વનોજ આદર કરવો. ઇતિશમ્

# જૈન તરીકે આપણી ચોખ્ખી ફરજ.

અનેક દિશાએ વહેતી નદીઓનાં વહેણ જેમ અંતે સમુદ્રમાં જઇ મળે છે તેમ અસંખ્ય સાધનો પૈકી ગમે તે હિત સાધનને સન્મુખ ભાવે અનુસરનારા અવશ્ય મોક્ષ—પદ પામે છે. તેથી કોઇ એક હિત સાધન કરનારની બીજા કોઇ હિતસ્વી જને અવગણના નહીં કરતાં તેનાં હિતકૃત્યમાં બની શકે તેટલી મદદ કે અનુમોદનાજ કરવી ઉચિત છે. જૈનકુળમાં અવતર્યા છતાં જૈન યોગ્ય આચાર વિચાર સમજે શ્રદ્ધે કે આદરે નહીં તો વાસ્તવિક રીતે તે એ જૈન જૈનમાર્ગથી વિમુખજ લેખાય. અને એ જૈનકુળમાં ઉપજ્યા છતાં જો જિનેશ્વર કથિત શુદ્ધ સનાતન માર્ગને યથાર્થ સમજે, શ્રદ્ધે અને આદરે તો ખરી રીતે તે જૈનજ કહેવાય. સ્વધર્મ નિષ્ટતાયોગને આપણામાં જૈનત્વ લેખી શકાય. ધર્મ વિમુખતા રાખી રહેતા જૈનત્વ શી રીતે પ્રગટે ? અહિંસા, સંયમ અને તપ એ સર્વજ્ઞ કથિત ધર્મનું લક્ષણ હોઇ દરેક જૈને તેને અનુસરવાનુજ રહ્યુંપ્ર માદ રહિત સ્વપર પ્રાણની રક્ષાનો માર્ગ આદરવાથીજ અહિંસાનું પાલન થઇ શકે. સુખ શીલ કે સ્વાર્થ અંધ બની મુત્કળ (મોકળી) નીવૃત્તિથી સ્વપર પ્રાણની રક્ષા કરી શકાતી નથી. આત્મનિગ્રહ ( વિષય કષાયને વિકથાદિક પ્રમાદના ત્યાગ પૂર્વક સંયમ ) વડેજ અહિંસાનું યથાવિધિ પાલન થઇ શકે છે અને અનેક વિધ તપ સાધન વડે તે બન્નેને પુષ્ટિ મળી શકે છે. અને એવા ખરા જૈન હોવાનો દાવો કરનારા ભાઇ બ્હેનોએ સુખ શીલતાને પ્રમાદ પાત્રને દૂર કરવા અને સર્વજ્ઞ દેવે કહેલાં સર્વોત્તમ અહિંસાદિકનું ડહાપણથી પાલન કરવા ઉજમાળ રહેવું જોઇએ. ખાનપાન વસ્ત્રાદિકનો ભોગોપભોગ પણ એજ દ્રષ્ટિથી કરવો જોઇએ. સ્વાર્થાંધપણે અસંખ્ય જીવોની થતી હાનિ જાતે કરવી કરાવવી કે અનુમોદવી ઘટે નહીં-શુદ્ધ ખાનપાન કે શુદ્ધ વસ્ત્રાદિકથીજ જીવન નિર્વાહ સહુએ કરવો. કરનારને મદદ કરવી તેની પ્રશંસા કરવી; નિંદાતો નજ કરવી. ઇતિશમ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ॐ

# " ચેતનજીને ફટકા "

સર ફરોસી કી તમન્ના—એ રાગ.

( લેખક—શાહ ડાહ્યાલાલ લહેરચંદ ખોકર. )

કયું ફસાયે, મસ્ત દુનિયા, દેખ તમાસા હૈ જીયા;
ચલ સીધે ઇસ, રાનમેં તું, કયા મુસાફીર ભુલ ગયા. ૧

જીસ્કે લીયે પેદા હુવા, તું ઉસ્કા હરદમ ધ્યાન ધર;
સુબ્એ સેં ઉઠકેં શ્યામ તક, તું દુષ્મનો કુ દફનકર. ૨

મુફલીસ કયા હુવા હૈ, દેખ આંખો ખોલકે;
સ્વાર્થ બીન મહોબત નહીં હૈ, ઊપેંસે ડમટોલ હૈ. ૩

મોહ મદીરા તું પીતા હૈ, મસ્ત બન કર બાઉરા;
દિલ્લ સોચ લે તેરે, પીછે બસ આ રહીમૃત્યુ જરા. ૪

ગંગા કે જલ તું છોડકેં, પીતા હૈ કયું વિષયાનું કીચ;
સિંહ કેસરી સુતજો હુંવા, લેતા કબી મુખ ત્રણ બીજ. ૫

અંગુલી દોકે બીચમેં, મુસલાતે જૈસે મુલ્મ હૈ;
જવાહીર જૈસે અખ હીંતો, કયા જવાની જુલ્મ હૈ. ૬

મુસાફરી મેં, લાયાથા જો, રોટી તેંનેં ખા લીયા;
અબ કર નઇ તો ખાયગા, નહીંતો તું ખાયગા લીયા. ૭

નર્ક નર્કે કુપસેં જબ બચાયા, ભ્યાનકર ઇસ ખ્યાલકા;
પરમાર્થ મય કર્મો હૈ, જીસ્કો ધ્યાન ભીતર શ્યામકા. ૮

દફન કર તું દફન કર, તું દુષ્મનોકુ જલ્દી સેં;
દુઃખ પાયગા તું યાદ રખ, જૈસા પીડાતા ગીલ્તીસેં. ૯

ઊંઝા જૈન સંગીત મંડળી પ્રેમી તુમપર ફુલ્લ હૈ;
ડાહ્યાલાલ તેરા, દાસ હરદમ, બંદગીમેં મસગુલ્લ હૈ. ૧૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સન્મિત્ર-સંગ્રહ.

વિઠ્ઠલદાસ મૂ૦ શાહ.

(૧૪)

पापान्निवारयति योजयते हिताय
गुह्यं च गूहति गुणान् प्रकटीकरोति ।
आपद्गतं च न जहाति ददाति काले
सन्मित्र लक्षणमिदं प्रवदन्ति सन्तः ॥

**અર્થ**—મિત્રને પાપ કરવાથી વર્જિત કરે, તેના હિતની વાતનોજ તેને ઉપદેશ કરે, તેની ગુપ્ત વાત છુપાવે, ગુણોને પ્રકટ કરે, આપત્તિકાળમાં તજી ન દે અને જરૂર પડે ત્યારે યથાશક્તિ દ્રવ્ય પણ આપે–એ સર્વ સારા મિત્રના લક્ષણો સંતપુરૂષોએ કહ્યા છે.

રા. ભર્તૃહરી.

મનુષ્ય એક સામાજીક જીવ છે. સમાજની સાથે તેનો અતિ ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. તે સ્વાભાવિક યોગ્યતા, સામર્થ્ય તેમજ ગુણોથી પૂર્ણ હોવા છતાં પણ એકલો અધિક કાર્ય કરી શકતો નથી. તેને હમેશાં કોઇ અન્ય પુરૂષ યાને સ્ત્રીની, કોઇને કોઇ રૂપે, આવશ્યકતા રહેજ છે. જ્યાંસુધી તેને એ સહાયતા નથી મળતી ત્યાંસુધી તેના અનેક મનોરથો અપૂર્ણ રહી જાય છે, તેનાં સાંસારિક કાર્યો અધુરા રહી જાય છે, તેનું સામાજીક જીવન નિરસ બની જાય છે અને કોઇ કોઇ વાર તો તેનો વધેલો ઉત્સાહ પણ ક્ષીણ થઇ જાય છે. તેથી કરીને જીવન–સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવા માટે એવી સહાયતા કરનારનો સંગ્રહ કરવાની પરમ આવશ્યકતા છે. સંસારિક જીવનમાં એવી સહાયતા કરનારની સાથે આપણે અનેક જાતના સંબંધ બંધાયા કરે છે; એ સર્વ સંબંધમાં મિત્રનો સંબંધ અત્યંત પવિત્ર અને શ્રેષ્ઠ માનવામાં આવે છે. સાચું છે કે આ સ્વાર્થમય જગત્‌માં મિત્ર સિવાય આપણો સાચો સહાયક કોણ હોઇ શકે ? સંકટ સમયે સંપત્તિ તેમજ સંતતિ કામ આવી શકતા નથી. એવે સમયે આપણને આશ્રય દેનાર અને દુ:ખમાં ભાગ લેનાર આપણા સાચા મિત્ર સિવાય બીજું કોઇ થઇ શકતું નથી. સાચો મિત્ર મળવાથી જે લાભ થાય છે તેનો અનુભવ તે ભાગ્યશાળી પુરૂષોજ કરી શકે છે કે જેને કોઇપણ વખત કોઇ સાચો મિત્ર મળ્યો હોય. મિત્રોનો સંગ્રહ કરવાથી સ્વાર્થ તેમજ પરમાર્થ બન્નેની સિદ્ધિ થાય છે. સાચા મિત્રોવડે સંઘશક્તિ ઉત્પન્ન થાય છે અને સંઘશક્તિ જ સફળતાનું સર્વોત્તમ સાધન છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેવળ પરિચય અથવા વાતચીત થવાથી મિત્રતા થઇ જતી નથી. મિત્ર શબ્દનો વ્યાપક દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો એટલુંજ કહી શકાય કે આપણાં સમસ્ત જીવનમાં સાચા મિત્રો બે ચારથી વધારે મળી શકતા નથી. ' मुण्डे मुण्डे मतिर्भिन्ना ' ના ન્યાયથી જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે આપણને એટલુંજ માલુમ પડે છે કે સાચા મિત્રોનું મળવું આ સંસારમાં અતિ દુર્ઘટ છે. જ્યાંસુધી આચાર વિચારોમાં સદૃશતા તેમજ એકતા નથી થતી ત્યાંસુધી બે મનુષ્યોમાં એક પ્રાણતા થવી અસંભવિત છે. મિત્રતા બંધાવા માટે સહૃદયતા, સહિષ્ણુતા, તેમજ પરસ્પર સહાનુભૂતિની અત્યંત આવશ્યકતા છે. જ્યાંસુધી એ નથી હોતું ત્યાંસુધી સાચી મિત્રતા કદાપિ થઇ શકતી નથી.

પરંતુ સાચા મિત્રો દુનિયામાં ઘણા થોડા હોય છે તે જોઇને આપણે ઉદાસીન ન થવું જોઇએ. કોઇ વખત સહાનુભૂતિ રાખનાર પરિચિત સજ્જનોની સહાયતાવડે પણ સંસારનાં અનેક કાર્યો સાધી શકાય છે. સૌ લોકો સમજે છે કે સુવર્ણ મુદ્રા એક બહુ મૂલ્ય વસ્તુ છે, પરંતુ તે સાથે કોઇ રૂપિયાનાં મહત્વનો અસ્વીકાર કરી શકે નહિ. એજ રીતે મિત્ર અને અન્ય સાધારણ પરિચયવાળા મનુષ્યોમાં પણ ભેદ છે. આપણે સંઘ–શક્તિ વધારવા માટે હંમેશાં લોક-સંગ્રહ કરવાના પ્રયત્ન કરતા રહેવું જોઇએ, અને તેમાં જ્યારે આપણને કોઇ કોઇ વખત મિત્રરૂપી રત્ન મળી જાય ત્યારે તેને પસંદ કરી લેવો જોઇએ. પરંતુ મિત્રોની પસંદગી કરવામાં સવિશેષ સાવધાન રહેવાની આવશ્યક્તા છે. જેમ સાચા મિત્ર મળવાથી દુઃખમાં ઘટાડો થાય છે અને સુખમાં વધારો થાય છે, તેમ નામ માત્રના મિત્રોથી ઉલ્ટું પરિણામ આવે છે. સજ્જનનું એ કર્તવ્ય છે કે તેણે કોઇની સાથે મિત્રતા કર્યા પછી તે આ જીવન નીભાવી લેવી જોઇએ. એટલા માટે પસંદગી કરવામાં ભૂલ થવા દેવી જોઇયે નહિ

સન્મિત્ર જે લક્ષણોથી યુક્ત હોવો જોઇયે તેનો ઉલ્લેખ આ વિષયના મથાળાના શ્લોકમાં કરવામાં આવ્યો છે. જે મનુષ્ય એ લક્ષણોથી વિહીન હોય છે તે સાચો મિત્ર કદિપણ થઇ શકતો નથી. આપણા ધર્મ ગ્રંથો મિત્ર અને મિત્રતાના વિષયમાં અનેક ઉપદેશપૂર્ણ ઉદાહરણોથી ભરપુર છે. તેમાં કહેવામાં આવ્યું છે કે સજ્જનોની મિત્રતા દિનપ્રતિદિન વધતી જાય છે અને દુર્જનોની મિત્રતા ઘટતી જાય છે. સજ્જનોની સાથે સાત શબ્દો બોલવાથી અથવા સાત પગલાં ચાલવાથીજ મૈત્રી બંધાઇ જાય છે અને હંમેશાં નૂતન તથા આકર્ષક બનતી જાય છે. પરંતુ એવા સજ્જનમિત્ર પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય ઘણા થોડા મનુષ્યોનેજ પ્રાપ્ત થાય છે.

કોઇની સાથે મિત્રતા બાંધવા માટે સૌથી જરૂરની બાબત ઉદ્દેશની એકતા છે. પરંતુ જો ઉદ્દેશ સારો, ન્યાય તેમજ સત્યપક્ષ ન હોય તો ઉદ્દેશની એકતા હોવા છતાં પણ તે મિત્રતા ચિરસ્થાયી થઇ શકતી નથી. ઉદાહરણ તરીકે ચોરોની કોઇ મંડળીમાં અથવા જુગારી લોકોના સમૂહમાં જે લોકો સંમિલિત રહે છે તેઓમાં એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશેષ પ્રકારનો પરસ્પર સંબંધ બંધાઇ જાય છે. તે સર્વનો ઉદ્દેશ એકજ નિંદ્ય કાર્ય કરવાનો હોઇને તે સિદ્ધ થાય ત્યાં સુધી તેઓ સર્વ એક મનથી કાર્ય કર્યા કરે છે. ઇષ્ટ સિદ્ધિ થાય ત્યાં સુધી તેઓ એક બીજાને સહાયતા કરે છે અને ત્યાં સુધીજ તેઓમાં એક બીજા પ્રત્યે સહાનુભૂતિ પણ રહે છે. એટલું તો ઉપર ઉપરથી જોનારને જણાય છે કે તે લોકોની મિત્રતા સાચી છે. એટલા માટે પોતાનો સંબંધ વ્યક્ત કરવા માટે તે લોકો ' મિત્ર ' જેવા પવિત્ર શબ્દનો પ્રયોગ કર્યા કરે છે, પરંતુ ત્યાં તેઓ ભૂલ કરે છે. સાચી મિત્રતામાં જે એક પ્રકારનો નિષ્કામ પ્રેમ હોય છે તે તે લોકોમાં રતિભાર પણ રહેતો નથી. સ્વાર્થ સધાઇ રહ્યા પછી તે લોકોનો ઉપરનો સ્નેભાવ તુટી જાય છે. એવા પ્રકારના મિત્રોના સમૂહને મિત્રમંડળ કહી શકાય જ નહિ.

ઉપર કહેવામાં આવ્યું તેમ મિત્રતા કર્યા પછી તેનો આજીવન નિર્વાહ કરવો જોઇએ. એટલા માટે આપણે નીચે લખેલા કર્તવ્યોનું પાલન હંમેશાં કરતાં રહેવું જોઇએ:—

પહેલી વાત એ છે કે આપણા મિત્રોના ક્ષુદ્ર દોષોના વિષયમાં સહનશીલતા અને ક્ષમાની દૃષ્ટિ રાખવી જોઇએ. આ સંસારમાં કોઈપણ મનુષ્ય સર્વાંગપૂર્ણ તેમજ સર્વથા નિર્દોષ હોઇ શકતો નથી. શરૂઆતમાં કોઈ પણ મનુષ્ય આપણને સારો લાગે અને અનુભવ થતાં તે એવો ન લાગે તો તેમાં તેનો દોષ નથી, દોષ આપણી જ સંકુચિત દૃષ્ટિનો છે. સકલ ગુણસંપન્ન, સર્વ ઉપમા યોગ્ય અને સર્વથા દોષરહિત પ્રાણી આ મૃત્યુ લોકમાં કોઈ મળી શકતું નથી. કોઇ મનુષ્ય ગમે તેટલો જ્ઞાની તેમજ સદાચારી હોય, તોપણ ઉંડા ઉતરનારને તેનામાં કોઇને કોઇ દોષ જડી આવે છે. જો ઉક્ત નિયમ સત્ય છે, તો પછી આપણે જે પુરૂષની સાથે મૈત્રી કરીએ છીએ તે એ નિયમના અપવાદરૂપ કેવી રીતે હોઇ શકે ? પરંતુ યુવાવસ્થાના આવેશમાં એ નિયમપર ઉચિત ધ્યાન નથી આપવામાં આવતું અને ઘણા દિવસોના પરિચિત મિત્રોનાં પણ દોષ દૃષ્ટિને લઇને ઝગડો ઉત્પન્ન થાય છે. એટલા માટે એ વાત ભૂલવી ન જોઇએ કે જો કોઇ મનુષ્યમાં અનેક ઉત્તમોત્તમ ગુણો હોય અને કોઈ ન્હાના મોટા ક્ષુદ્ર દોષ હોય તોપણ તે લૌકિક દૃષ્ટિએ સકલ ગુણસંપન્ન કહી શકાય છે.

બીજી વાત મતભેદની છે. આ અનન્ત વિશ્વ એવાં એવાં હજારો રહસ્યોથી ભરેલું છે કે બે મહાવિદ્વાન તેમજ પરમ મિત્રોમાં પણ કોઇને કોઈ કારણને લઇને મતભેદ સંભવી શકે છે. સંસારમાં બનતી હમેશની ઘટનાઓમાં તથા ઇતિહાસમાં આ વાતના અનેક ઉદાહરણો મળી આવે છે કે વખતોવખત મતભેદ પડવાને લઇને ચિરકાળના મિત્રોની મિત્રતા માટીમાં મળી જાય છે. એક ઐતિહાસિક દૃષ્ટાંત લઇએ. અઢારમા સૈકાના ઉત્તરાર્ધમાં ફ્રાંસમાં ભયંકર રાજ્યક્રાંતિ થઇ. તે વિષયની ચર્ચા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતાં કરતાં ઈંગ્લાંડના તત્કાલીન બે મહાન નેતાઓમાં મતભેદ પડ્યો. એ બન્ને નેતાઓ ( બર્ક અને ફૉક્સ ) તે સમયના ઘણાજ ચતુર, દેશકાળના જ્ઞાતા અને પૂરેપૂરા રાજનીતિજ્ઞ હતા એટલુંજ નહિ પણ તેઓની વચ્ચે ગાઢ મૈત્રી હતી. જેઓએ ઈંગ્લાંડના ઇતિહાસનો અભ્યાસ કર્યો છે, તેઓના નેત્રો સમક્ષ એ પ્રકાંડ પંડિતોના ઉક્ત મતભેદની ભીષણ મૂર્ત્તિ સાક્ષાત્ આવીને ખડી થઇ જ હશે, કે જેને લઇને તેઓની ચિરકાલીન દૃઢ મિત્રતા છિન્નભિન્ન થઇને રસાતાળમાં પહોંચી ગઇ. માનો કે ફ્રાંસની રાજ્યક્રાંતિ અનેક દૃષ્ટિએ એક અત્યંત મહત્વપૂર્ણ બાબત હતી, પરંતુ તે વિષયમાં મતભેદ પડતાં જ પોતાના ચિરકાલીન પ્રાણપ્રિય મિત્રની મિત્રતા એકદમ તોડી નાંખવી તે શું બર્ક જેવા સુપ્રસિદ્ધ તત્વજ્ઞાનીને માટે ઉચિત હતું ? જો હોય, તો એવી ઘટના અત્યંત શોચનીય ગણાય. એ તો નિઃસંદેહ છે કે વિચાર–સ્વતંત્રતા તેમજ પોતાની બુદ્ધિ અનુસાર સત્યાસત્યનો નિર્ણય કરવાની ઇચ્છા દરેક મનુષ્યોમાં હોવી જોઇએ. અને હોય છે જ, તેથી કરીને એક બીજા વચ્ચે મતભેદ પડે તે સ્વાભાવિક છે. પ્રત્યેક વિષયનો વિચાર ભિન્નભિન્ન રીતે કરી શકાય છે અને તે પર વિચાર કરનાર પ્રત્યેક મનુષ્યનો વિચાર–માર્ગ જુદો જુદો હોય છે, એટલા માટે મતભેદ ટાળી શકાતો નથી. એટલુંજ નહિ, પણ ઉલ્ટું તેનાથી અંતમાં ઘણે ભાગે લાભ જ થાય છે. પરંતુ એવી અવસ્થામાં પણ કેવળ મતવિભિન્નતાને લઇને વિકાર વશ બની મિત્રતાનો નાશ કરી નાંખવો એ કોઇ ‘ મિત્ર ’ ને માટે ઉચિત ગણી શકાય નહિ.

સંપાદિત મિત્રતા નિભાવી રાખવા માટે ત્રીજું આવશ્યક કર્તવ્ય ખુલ્લું દિલ અને સરલ વર્તન છે. મિત્રની પાસે કોઇ ખાસ વાતો સિવાય પોતાનાં સઘળાં ગુપ્ત કાર્યો જણાવી દેવામાં કશી હાનિ નથી. તેનાં મનમાં ફોકટ સંશય ઉત્પન્ન કરવાથી અનર્થ થાય છે. જો કદિ મિત્રનાં મનમાં સંશય ઉપજાવનાર અને મતભેદ કરાવનાર કોઇ કાર્ય થઇ જાય તો તેને પોતાનો ખરેખરો અભિપ્રાય પ્રથમથી જ સમજાવી દેવો જોઇએ. નહિં તો પરસ્પર વિશ્વાસ ઘટવાથી એક બીજા વચ્ચે દિલનો સંકોચ ઉત્પન્ન થાય છે અને ભેદ તથા તિરસ્કારનો ભાવ પેદા થાય છે.

મિત્રની સાથે હમેશાં સૌમ્ય અને ઉદાર વર્તન રાખવું જોઇએ. ઘણા લોકો એમ માને છે કે એક વખત મિત્રતા બંધાય પછી મનમાની રીતે વર્તન રાખવામાં કશી હરકત નથી. પરંતુ તે યોગ્ય નથી. આપણે આપણા મિત્ર તરફ એવું આચરણ રાખવું જોઇએ કે જેનાથી તેના સ્નેહ તથા આનંદમાં દિવસે દિવસે વધારો થતો જાય. કેટલાક લોકોની એવી માન્યતા છે કે સર્વ સાધારણ મનુષ્યો સાથે વર્તવામાં માન, સન્માન, આબરૂ, પદવી, યોગ્યતા વિગેરેનો ભલે વિચાર કરવામાં આવે, પરંતુ મિત્રની સાથે તો નહિ. પરંતુ તે એક ભૂલ ભરેલી માન્યતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા મિત્રની સાથે અનાદર યાને ઉદ્દણ્ડતાથી વર્તવું તથા મર્મસ્પર્શી વચનો કહેવા તે સર્વથા અનુચિત છે.

આ સંસારમાં દ્વેષી મનુષ્યોની ખોટ નથી. ઘણા લોકોને કોઈનું નુકસાન કર્યા વગર ક્યાંય ગમતું જ નથી. તેવા લોકો કોઇ બે મનુષ્યોની મૈત્રી જોઇને સહન કરી શકતા નથી. તેઓ તેઓની મિત્રતા નષ્ટ કરવા માટે તનતોડ મહેનત કરે છે અને સાચી જુઠી વાતો ફેલાવીને અથવા નિંદાખોર બનીને તેઓના મનમાં એક બીજા પ્રત્યે વિરોધ ઉત્પન્ન કરે છે. એટલા માટે મિત્રોએ એવા સમયે બુદ્ધિમત્તા, સતર્કતા તથા કાર્ય કારણ સંબંધી જ્ઞાન પૂર્વક કાર્ય કરવું જોઇએ. ચાલુ—

# સંસાર દર્શન.

જૈન શાસ્ત્રમાં ગૃહસ્થ ધર્મને માટે ઘણે સ્થળે લખાયેલું છે. અને ગૃહસ્થ ધર્મના સ્વરૂપને સારી રીતે વિવેચન કરી સમજાવ્યું છે તેમાં સર્વનું મનન કરતાં ગૃહસ્થાવાસમાં મુખ્યત્વે કરીને કેટલાએક ગુણો ઘણાં ઉપયોગી છે. અને ગૃહસ્થ ધર્મના પોષક છે, જો એ ગુણોનું યથાર્થ સ્વરૂપ સમજવામાં આવે તો ગૃહસ્થ શ્રાવક તેને અંગે પોતાની ગૃહસ્થપણાની ફરજો વિષે સારી રીતે સમજી શકે. ગૃહ, કુટુંબને અંગે ઉપજતી પોતાની વિવિધ ફરજો વિષે અને વ્યવહાર, ધર્મ અને નીતિ વિષે ચાલતી સ્થિતિ કરતાં વિલક્ષણ વિચારોને સિદ્ધાંત રૂપે માનનાર સ્ત્રી પુરૂષો સંસારમાં જોડાતાં ગૃહની કેવી દશા થાય એ વિચાર કરતાં સખેદ હૃદય થઇ જાય છે. દીર્ઘ વિચાર વગર સાહસિક વિચારે ચડેલા સ્ત્રી–પુરૂષ મનોવૃત્તિની સ્વતંત્રતાના બળથી પોતાના વિચારોને અને કલ્પિત લોકવાતોને સત્ય રૂપે માને છે; કેટલાએક તો ભ્રમિત થઇને ગાડરીઆ પ્રવાહરૂપે ચાલતા હાનિકારક રીવાજોને અત્યાજ્ય ગણે છે કેટલાક સ્વચ્છંદી યુવક નવો જમાનો શું ? તે ઓળખ્યા સિવાય નવા જમાનાના ઓઠા નીચે વ્યવહારનો લોપ કરી વડીલોની આજ્ઞાનું ઉલંઘન કરી, તેના વિનયને બાજુએ મુકી, પ્રસંગવશાત્ અનેક ચેષ્ટાઓ કરી લોકોની હાંસીને પાત્ર બને છે. આમાં સત્ય શું છે ? તે વિચારવાનો વિષય જુદો છે. વ્યવહારના શુદ્ધ સ્વરૂપને દર્શાવનારા વિષયોનું તેઓએ મનન કરવાનું છે એ મનનથી તેઓ તદ્દન વિમુખ બની જાય છે. અહીં કંઇ કહેવામાં આવે છે કે અમુક ધોરણ સારૂં છેજ પણ એકથન તદ્દન નિરર્થક થઇ પડે છે કારણ કે સંકુચિત હૃદયવાળા તેઓ તે વિષે ધ્યાન આપી શકતા નથી.

આજકાલ ગૃહાવાસમાં અનેક જાતની વિચિત્રતા જોવામાં આવે છે. પિતા અને પુત્ર, માતા અને પુત્ર, ગૃહપતિ અને ગૃહીણી તેમજ સાસુ અને વધુઓ, માતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને પુત્રીઓ એ સર્વે એકજ કુટુંબમાં વસનારાઓની મનોવૃત્તિઓ જુદા જુદા દોર ઉપર મરજી પ્રમાણે ચાલે છે; એવા વિવિધ પ્રકૃતિઓના સંમેલનથી કુટુંબના વર્તનમાં વિવિધ પરિવર્તન થયા કરે છે જ અને તેથી વિપરીત પરિણામનાં દર્શનો થયા કરે છે. આમ વિવિધ વિચારવાળા મનુષ્યો એક ઘરમાં ભેગા મળવાથી કુટુંબમાં ભક્તિભાવ અને ઐક્યની થોડી ઘણી પણ ન્યુનતા થવા માંડે છે, એ ન્યુનતાને લઇને ગૃહરાજ્યની પ્રવૃત્તિમાં અનેક જાતના ઉપદ્રવો ઉભા થાય છે. પિતા–પુત્ર, ભાઈ–ભગિની, માતા–પુત્રી, પતિ–પત્નિ આદિના સંબંધો પરસ્પર તેમ એક એક સાથેના ભિન્ન ભિન્ન વિચારના હોય તો તેમના સ્નેહમાં શિથિલતા થઈ જાય છે, જેથી કરીને શ્રાવક સંસારનું શકટ ભિન્ન છિન્ન બની અટકી પડે છે. ઘણાક અનર્થો, કુચેષ્ટાઓ અને ઉચ્છૃંખલપણાના પ્રસિદ્ધ તેમ ગુપ્ત દષ્ટાંતો જે આપણે સાંભળીયે છીએ તેનું કારણ ભેગા જોડાયલાં સ્ત્રી–પુરૂષના વિચારમાં આવી ભિન્નતા સિવાય બીજું કવચીતજ હોય છે. પિતા–પુત્રનો સંબંધ કે જે જૈન વ્યવહારથી ઘણો ઉચ્ચતા ભરેલો છે તે સંબંધ ભિન્ન ભિન્ન વિચારોને લઇને તુટી જાય છે. સ્વતંત્રતાના પ્રવાહમાં તણાતો તરૂણ પુત્ર પોતાના માતા પિતાના અપાર ઉપકારોને ભુલી જાય છે અને તેનો અનાદર કરવાને ઉભો થાય છે. પિતા–પુત્રના કલેશો આપણા સાંભળવામાં વારંવાર આવે છે એવા કલેશ પૂર્વેકાળે હતાજ નહિ; તેવી રીતે જેમના આધારે આ સંસાર શકટ ચાલે છે અને જેમની ઉપર કુટુંબની ધુરા રહેલી છે તેવા સ્ત્રી–પુરૂષ કે જેમણે પોતપોતાના સ્વાત્રંતયમાં સુખ માનેલું છે, તે જેમ બને તેમ કોઇને પોતાથી અધિક ગણવા પ્રસન્ન રહેતા નથી. અને જેમ બને તેમ પોતાનું સ્વાતંત્ર સચવાય તેવા માર્ગ યોજી ગુરૂભક્તિથી, ભાતૃભાવથી, માતા-પિતાના સ્નેહથી અને પ્રેમમાર્ગથી ભ્રષ્ટ થવાનો માર્ગ કવચીત કવચીત લે છે.

જેને પ્રાચીન સમયમાં મર્યાદા કહેતા હતા. જેના આધારે આર્ય સંસારની પૂર્ણ શુદ્ધિ રહેલી હતી, તે મર્યાદાનો ઘણે ભાગે આ સમયમાં લય થતો જાય છે. વૃદ્ધ અથવા વડીલ, વિદ્વાન અથવા પંડિત. કોઇની મર્યાદા રાખવી તે વાત પણ આજકાલના ઉચ્છૃંખલ યુવાનોમાં એક બંધનરૂપ અથવા વહેમરૂપ મનાય છે. તેથી તેની તરફ પૂર્ણ રીતે અણગમો બતાવવામાં આવે છે. નાની વયનાછોકરાઓ જમાનાના તેવા નઠારા સંસ્કારને લઇને પોતાના માબાપ અથવા વૃદ્ધ વડીલો તરફ વિચિત્ર રીતે વર્તે છે. અને ક્ષણે ક્ષણે મર્યાદાનો ભંગ કરે છે. તેમજ મુગ્ધ વયમાં રહેલા છે છતાં જાણે પ્રૌઢ થઈ ગયા હોય, તેમ વર્તવા પ્રયત્ન કરે છે. તેમની મનોવૃત્તિમાં હલકા વિચારનો જ પ્રાદુર્ભાવ થયા કરે છે. તેઓ સ્વતંત્રતાની તિવ્ર ઇચ્છા રાખે છે અને સ્વતંત્રતાનાએટલા બધા આગ્રહી બને છે કે કદી કોઇવાર માબાપ કે વડીલ તેમને હીત વચનો કહેવા જાય તો તેઓ એમ જાણે છે કે આ સર્વે આપણી સ્વતંત્રતાને તોડી નાખવા માગે છે, આથી તેઓ તેમના હિતવચનનો તિરસ્કાર પૂર્વક અનાદર કરે છે; જે અનાદર મર્યાદાનો તદ્દન ભંગ કરી નાખે છે. જ્યારે મર્યાદાનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લોપ થયો તો પછી સંતાનોના વર્તનમાં કોઇ જાતનો સુધારો થઇ શકતો નથી. નિર્મર્યાદ પ્રજા પ્રતિદિન ઉન્માર્ગ–ગામી થતી જાય છે. અને તેથી અનેક જાતની હાની ઉત્પન્ન થાય છે. શ્રાવક સંસાર અથવા આગળ વધીને આર્ય સંસારનો મુખ્ય આધાર મર્યાદા ઉપર છે. મર્યાદારૂપી કલ્પલતાના આશ્રયથી સંસારના વિવિધ વાંછીતો પુરા થાય છે. અને સંસારની વ્યવસ્થા દઢ રીતે પ્રતિબદ્ધ રહે છે જે વ્યવસ્થાને લઇને સંસાર, ધર્મ, નિતિ અને શુદ્ધ વ્યવહારના તત્વોથી સુશોભીત બને છે. અને તેથી ગૃહસ્થાવાસની જે સાર્થકતા કહેવાય છે તે સર્વ રીતે પરીપૂર્ણ થાય છે.

જ્યારે એ વ્યવસ્થાનો ભંગ થઇ જાય છે તો ગૃહાવાસની સ્થિતિ વિચિત્રતામાં આવી પડે છે. એ વિચિત્રતાનું મૂળ કારણ મર્યાદાનો ભંગ છે, જ્યારે ગુરૂવર્ગ તરફથી મર્યાદાનો ભંગ થાય છે, ત્યારે નાના છોકરા, માબાપ અથવા બીજા કોઇ વયોવૃદ્ધ કે જ્ઞાનવૃદ્ધ આગળ વીના પ્રયોજને અણપૂછે વચમાં ટાયલું કરવા આવે તેમને દેખીને પણ પોતાના કોઇ સહજ અનાચારના આચરણમાં લાજ ન પામે, બસ અમારા મનમાં એમ સત્ય લાગ્યું તો એમ કર્યું તેમાં તેનું શું લીધું! એવી દલીલથી પોતાને છેતરે છે. એ બધો પ્રભાવ અપૂર્ણ નવીન શિક્ષણના ફળ રૂપ છે, અથવા પોતાને પ્રાપ્ત થએલ અપૂર્ણ કેળવણીનો મહીમા છે, આવા વર્તનથી ગૃહસ્થાવાસની મર્યાદાનો તદ્દન ભંગ થઇ જાય છે, હું, મારૂં, મારો અભિપ્રાય–મારો વીચાર ઇત્યાદિ જે હુંપણાનું અભિમાન સર્વ વાતમાં જણાય છે, તે આપણા વ્યવસ્થીત ગૃહાવાસને તોડનારા સાધનો છે એમાં ક્ષણે ક્ષણે વિનયનો ભંગ થતો જોવામાં આવે છે, કેટલાક કુટુંબોમાં તો ઘરમાં જેટલા માણસો હોય, તે બધાના જુદા જુદા મત જોવામાં આવે છે, અને ક્ષણે ક્ષણે તેઓ એક બીજાથી જુદા પડતા માલુમ પડે છે, તેઓ સર્વમાં આત્મીયભાવ ધારણ કરી અહંભાવ સાથે મમત્વભાવમાં વધી જાય છે અને તેથી ગૃહસંસારની અવ્યવસ્થા વારંવાર થયા કરે છે.

વર્તમાનકાળે આવાં વર્તનો કેવી રીતે અટકે તેવા ઉપાયો યોજવાની જરૂર છે જેથી શ્રાવક સંસારની દશામાં મોટો સુધારો થયા વીના રહેશે નહિ, જ્યાંસુધી એ સુધારો કરવામાં આવશે નહિ ત્યાંસુધી જૈન કોમમાં હિંમત, સાહસ, પરાક્રમ, અને આત્માર્પણ કરવાની શકિતઓ જાગૃત થશે નહિ, અનુભવી વિદ્વાનો એમ માને છે કે, યોગ્ય વય અને યોગ્ય અનુભવ થયા પછી અમુક મર્યાદાસુધી વ્યક્તિનું પ્રાધાન્ય હોય તોજ લાભ છે, બાકી તો ઉચ્છૃંખલતા અને સ્વતંત્રતા, કદાગ્રહ અને ક્રૂરતા વગેરે દુર્ગુણો સ્વતઃ અવિર્ભાવ પામે છે, તેમને નિયમમાં રાખનારા ગુણો મેળવવામાંજ પ્રવૃતી કરવાની જરૂર છે, તે મેળવવાથીજ સાંસારીક દશામાં મોટો ફેરફાર થઇ જાય છે, જે પરિણામે શૌર્ય, ઉદારતા અને એકાત્મભાવ આદિ સદ્ગુણોનો સંપાદક બને છે.

**ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# એક પિતાએ પોતાની પુત્રીને આપેલ બોધ.

## પુત્રી તરફ માત પિતાનું કર્તવ્ય (શિખામણ.)

૧ હે બાળા આજ સુધી તું હમારી પુત્રી હતી, ને તારા ઉપર હમારો હક્ક હતો પણ તું શુભ લગ્નથી તારા પતિ સાથે જોડાઇ, ત્યારથી અમારો હક્ક ઉઠી ગયો છે. આજથી તારા ઉપર સર્વે પ્રકારનો હક્ક તારા સાસુ સસરા અને તારા સ્વામીનો થયો છે માટે આજ સુધી જેમ અમારી (મા-બાપ) ની આજ્ઞા માનતી તેમ હવેથી તારા સ્વામીની, અને સાસુ સસરાની આજ્ઞા પાળજે.

૨ તારૂં લગ્ન થયું છે. એટલે તારો પતિ એજ તારો માલીક થયો છે. હવે તેની સાથે હમેંશા વિનય વિવેકથી વર્તજે કારણ કે હવે પતિની સેવા કરવી એજ તારો ખરે-ખરોજ ધર્મ સમાયેલો છે.

૩ હે પુત્રી, કદીપણ હઠીલી થઇશ નહિ. તારા સાસુ, સસરા અને તારા સ્વામિને કોઇ દિવસ સંતાપતી નહિ હમેશ તારા ઉપર આનંદ રહે એવું વર્તન રાખજે, તારા પાડોશી સાથે હળીમળીને ચાલજે, કોઇપણ દિવસ જુઠું બોલવું નહિ. કોઇને છેતરીશ નહિ. એમાં આપણો આત્મા રાજી નથી. અને ઘરમાં અપરાધ થાય તો તે તું ઝટ વિનયથી કબુલ કરી દેવું એમાં મઝા છે.

૪ જેમ બને તેમ ઓછું બોલવું અને બોલવા પહેલા વીચારીને બોલવાની ટેવ પાડવી. હે પુત્રી, પતિની, કાંઇ ભુલ થઇ હોય તો તારે જાહેર જણાવવી નહિ. પણ એકાંત જગ્યાએ જઇ વાત કહેવી હોય તો કહેવી. પતિની સામું બોલવું નહિ એ લક્ષમાં રાખવું.

૫ જ્યાં સુધી તું બુદ્ધિવાન ન થાય ત્યાસુધી, તારે એકાંત જગ્યામાં અથવા, જાહેર મેલાવડામાં એકલી જઇશ નહિ, સ્વતંત્રતાથી કાંઇ કામ કરવું પડે તોપણ તારા સ્વામીની રજા લીધા સીવાય કામ કરવું નહિ. એ લક્ષમાં રાખવું.

૬ પતિની આવક ઉપર ખર્ચ રાખજે. લુગડાં ઘરેણાં વગેરેમાં હઠ કરીશ નહિ.

૭ હમેશાં પ્રભાતના સૌના પહેલા ઉઠી વાળ સાફ કરી નાઈ ધોઇ તીર્થંકરોની પ્રાર્થના કરી ( દેરાસરમાં કોઇની જોડે વાત કરવી નહિ, ઉંચે સુરથી સ્તવન વગેરે ગાવા નહિ. ધીમા સુરથી ગાવા, ઘણીજ ગીરદીમાં પૂજા કરવી નહિ. એકાન્તે કરવી. રેશમી કપડા પહેરી પૂજા કરવી નહિ. એ ખાસ ધ્યાનમાં લેવું. ) હુશીયારીથી ઘરનું કામકાજ શરૂ કરજે સ્વામિના જમ્યા પહેલાં જમવું નહિ. દીવસના કદીપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઊંઘવાની ટેવ પાડવી નહિ. નવરાશની વેળાએ પુસ્તકો ( આત્મજ્ઞાન ) વગેરેના વાંચવા રાત્રીના વખતમાં બહાર એકલાએ નીકળવું નહિ.

૮ સર્વે જીવો પર દયા રાખવી એમાં જૈનધર્મનો મૂળ પાયો રોપાયેલો છે. સંસારમાં સ્વામિ સીવાયના પુરૂષો તારાથી મોટા હોય તેને કાકા કહેવા; તારાથી નાના હોય તેને ભાઇ બરોબર ગણવા. બ્રહ્મચર્ય પાળવું રાત્રે સુતી વખતે ૐકારનો જાપ કરવો ને આખા દીવસમાં સારા કામ કીધા કે નઠારા તેનો પશ્ચાતાપ કરવો. ને હવેથી સારા કામો ( પુણ્યના કામો ) કરવાની ટેવ રાખવી.

હે સુશીળ પુત્રી ઉપરની, આઠ કલમો તારા અંતઃકરણમાં કોતરી રાખજે અને કોઇ દિવસ ભુલીશ નહિ,

**યોજક રાયચંદ મોતીચંદ નવસારી.**

# મોહરાજ–પરાજય નાટકનો પરિચય.

( છોટાલાલ મગનલાલ શાહ. )

નાટકોના ઉદ્દગમનો પ્રશ્ન અદ્યાપિ બહુ વિવાદગ્રસ્ત છે. પૌર્વાત્ય અને પાશ્ચાત્ય નાટકોના આદિમ અસ્તિત્વ વિષે પણ તેવોજ વિવાદગ્રસ્ત પ્રશ્ન છે. હમણાં હમણાં વિદ્વાનોનું ધ્યાન સાહિત્ય પ્રતિ વિશેષ આકર્ષાયું છે, અને અભ્યાસ, મનન અને પરિશિલનથી એમ અનુમાન થાય છે કે નાટ્ય–પ્રયોગ ઘણા પ્રાચીન કાળમાં વિદ્યમાન હતા. એમ વેદાદિ ગ્રંથોથી સમજાય છે. ત્યારપછી નાટ્ય–સાહિત્યની પ્રાચીનતા માટે પ્રશ્ન ઉદ્દભવ પામે છે. ભરત મુનિ વિરચિત ' નાટ્ય સૂત્ર ' નો રચના કાળ કેટલાક વિદ્વાનોની ગવેષણાથી ઇ. સ. પૂર્વે સાતમો. આઠમો સૈકો કલ્પવામાં આવે છે. આ ઉપરથી એમ અનુમાન થાય છે કે દુનિઆની દરેક પ્રજા કરતાં હિન્દી પ્રજાના નાટ્ય–પ્રયોગો અને નાટ્ય–સાહિત્ય અધિકતર પ્રાચીન કાળમાં વિદ્યમાન હતો.

જૈનેતર પ્રજાના નાટ્યની પ્રાચીનતા સંબન્ધી દિશાસૂચન કર્યા પછી આપણે આપણા જૈન–નાટકોની પ્રાચીનતા વિષે સહેજ ઉલ્લેખ કરી મૂળ વિષય ઉપર જઇશું.

આપણામાં નાટકોની ઉત્પત્તિ કેટલી પ્રાચીનતમ છે તેને માટે કોઇએ પ્રયત્ન પૂર્વક ગવેષણા કરી હોય તેમ જણાતું નથી, એટલે તેને માટે નિશ્ચિત સમય દર્શાવવાને હું દિલગીર છું. ત્યારપછી નાટ્ય–સાહિત્ય માટે વિચાર કરીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાટ્ય–સાહિત્યની પ્રાચીનતા માટે આપણી સ્થિતિ બહુ શોચનીય છે. આપણું મૌલિક સાહિત્ય, તેમ અન્ય વિષયક સાહિત્ય પ્રાચીન સમયમાં પ્રાકૃતમાં હોવાનું મલી આવે છે. પણ કોઇ પણ પ્રકારનો નાટ્ય ગ્રંથ પ્રાચીન સમયમાં પ્રાકૃતમાં કે સંસ્કૃતમાં બન્યો હોય એવું અદ્યાપિ પર્યન્ત જાણવામાં આવ્યું નથી. જો કે સંસ્કૃત ભાષામાં રચાયેલું આપણું સાહિત્ય વિક્રમની પાંચમી શતાબ્દીથી મળી આવે છે. પરંતુ નાટક–કાવ્યાદિ ગ્રંથોનો રચના–કાળ તો બારમી શતાબ્દીમાં દૃષ્ટિગોચર થાય છે. આ ઉપરથી સમજાશે કે આપણે ઉકત સાહિત્ય માટે અભિમાન ધરાવી શકીએ તેમ નથી. આચાર્યશ્રી હેમચંદ્રના ગુરૂએ રચેલ ‘ ચંદ્રલેખા ’ નાટિકા પૂર્વે કોઇ પણ સંસ્કૃત કાવ્ય યા નાટક રચાયું હોય એમ જણાતું નથી. ફકત તેમાં એક તિલકમંજરી અપવાદભૂત છે.

આનું કારણ એમજ અનુમાનાય છે કે પ્રાચીન કાળમાં કોઈ જૈન ગૃહસ્થો પ્રતિભાશાળી લેખક તરીકે ઉત્પન્ન થયા હોય એમ જણાતું નથી. જ્યારે વિદ્વાન મુનિવર્ગ કાવ્ય–નાટક જેવા સાંસારિક ઘટનાઓથી અનાસકત રહી ઉપેક્ષા કરતો જણાય છે. અને તે તેમના માટે યોગ્ય છે. પણ આ ઉપેક્ષાએ આપણને નુકશાન બહુ કર્યું છે. કારણ સાધારણ જનસમુદાય નાટક. કાવ્યાદિથી બહુ આકર્ષાય છે. આ સાહિત્યમાં શુષ્ક તર્કવાદને, લાંબા લાંબા નિરસ ઉપદેશોને, કિલષ્ટ તત્વજ્ઞાનને સ્થાન હોતું નથી. એટલે નાટક–કાવ્ય સિવાયનું અન્ય સાહિત્ય સાધારણ જન–સમુદાય ઉપર નૈતિક, ધાર્મિક આદિની છાપ બેસાડી શકતું નથી. અપૂર્વ શબ્દ–લાલિત્ય, ઉત્કટ રસ પ્રવાહ સાથે ગુંથાયેલ ધાર્મિક સંસ્કૃતિ કોઈ પણ માનવનું મન હરણ કરી શકે છે, અને તે સર્વે યોજના નાટકાદિમાં યથેષ્ટ થઇ શકે છે. નાટકાદિનાં એક અપૂર્વ તત્વ એ પણ છે કે કોઇ પણ માનવની ચિત્ર–રેખા હોવાથી પ્રેક્ષક કે વાંચકને માનુષી ધર્મનું ભાન કરાવે છે. અર્થાત્ “ अवस्थानु कृतिर्नाट्यम् ” નાટક જીવનનું દિગ્દર્શન છે. કવિતામાં જેવી યોગ્યતા હોય છે તદનુસાર વાંચક કે પેક્ષકને રસબસ બનાવે છે. કાવ્ય–નાટકાદિની યોગ્યતા માટે કહેવાયું છે કે—

“ धर्मार्थ काम मोक्षेषु, वैचक्षण्यं कलासु च ।
करोति कीर्तिं प्रीतिं च साधुकाव्यनिषेवणम् ” ॥

આ ઉપરથી ખ્યાલ આવશે કે વિશુદ્ધ કાવ્ય મનુષ્યને કયાં સૂધી ફલપ્રદ નીવડે છે.

ગમે તેમ હો પણ એટલું તો ચોક્કસ જણાય છે કે આપણા વિદ્વાનો અનુકરણ પ્રિય હોય છે. સમાજને કયું તત્ત્વ લાભદાયક છે તે સ્વતંત્રપણે વિચારી પ્રથમ વાર દિગ્દર્શન કરાવ્યું હોય તેમ જણાતું નથી. અજ્ઞાનતા કહો કે જડ્ડ કહો આપણામાં એવુંજ બનતું આવ્યું છે કે સારામાં સારા પ્રયોગો ધાર્મિક તત્ત્વ દાખલ કરી શકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવા હોય છતાં તે પ્રયોગો સમાજમાં મુકતાં લેખક અચકાય છે. યાતો ઉત્તેજન મળતું નથી. પરંતુ છેવટે કેટલોક સમય વ્યતીત થયા પછી સમાજને તેજ પ્રયોગો આરંભવા પડે છે. તેજ ન્યાયાનુસાર નાટકાદિ સાહિત્યની એ પરિસ્થિતિ છે. ત્હેનું એક આધુનિક દૃષ્ટાંતથી સ્પષ્ટીકરણ નિહાળીએ. ગુજરાતી ભાષાનો પ્રારંભ લગભગ ૮૦૦–૯૦૦ વર્ષથી જણાય છે. તે દરમ્યાન અનેક રાસાઓ, વિવાહલા તથા પ્રબંધાદિ મળી આવે છે પરંતુ એક નાટક, નાટિકા કે પ્રહસન જણાતું નથી. પ્રાચીન સમયને બાદ કરીએ તો પણ અધુના લેખન વાચનના સાહિત્યને અનેકદૃષ્ટિએ નૂતનરૂપ ધારણ કર્યા છતાં, અન્ય પ્રજામાં, અન્ય સમાજમાં તેવું સાહિત્ય નિહાળવા છતાં આપણામાં એક પણ તેવો ગ્રંથ અસ્તિત્વ ન ધરાવે તે શું શોચનીય નથી ! જ્યારે જૈનેતરમાં અઢારમા સૈકામાં રચાયેલાં નાટકો મળી આવે છે. અને વીશમી શતાબ્દિમાં અનેક પ્રસંગોનાં, અનેક દૃષ્ટિથી રચાયેલાં જોવામાં આવે છે. અને તે સાહિત્ય માનવ-હૃદય કેટલું હરણ કરી શકે છે તે માટે વિશેષ લખવું આવશ્યક નથી.

મૂળ વિષય છોડી વિષયાંતર થવાયું તે ધ્યાન બહાર તો નથી. પરંતુ આટલા સૂચનદ્વારા જો કોઈ પણ વિદ્વાન ઉક્ત કાર્યમાં પ્રયત્ન કરશે તો તે અતિ આદરણીય ગણાશે.

'મોહરાજ–પરાજય' એ ગાયકવાડ ઓરિએન્ટલ સીરીઝથી પ્રકાશિત થયેલ નવમો ગ્રન્થાંક છે.

પ્રસ્તુત મોહપરાજય નાટકમાં પાંચ અંકો આવેલા છે. જેની અંદર ગુજરાતના ચૌલુક્ય નરપતિ કુમારપાળે જૈનધર્મનો કરેલ સ્વીકાર, પ્રાણીઓની થતી હિંસા પ્રતિ ત્હેની ઘૃણાદૃષ્ટિ, નિર્વંશીઓની સંપત્તિ માટે અગાઉના રાજાઓના જપ્તિ વહીવટને મહાત્મા હેમચંદ્રાચાર્યના ધર્મોપદેશથી કહાડી નાખેલ વિગેરે પ્રસંગોનું વર્ણન આવે છે.

**નાટકની વસ્તુ.** અધ્યાત્મવૃત્તિ પોષક, ધાર્મિક સંસ્કાર જાગ્રત કરનાર, માનુષી ધર્મનું ભાન કરાવનાર આવાં નાટકો સંસ્કૃત સાહિત્યમાં બીજાં પણ મળી આવે છે. આજ વિષયમાં સર્વેથી પુરાતન નાટક કૃષ્ણમિશ્ર વિરચિત 'પ્રબોધ ચંદ્રોદય' નામનું જૈનેતર નાટક છે. અને તે નાટક ચંદેલ નરેશ કીર્ત્તિવર્માના રાજ્યકાળમાં એટલે ઇ. સ. ૧૦૬૫ ના અરસામાં રચાયેલ છે. એટલે આપણું નાટક તેના પછી લગભગ એક સૈકા બાદ રચાયેલું છે. નાટકમાં પાત્રો ઐતિહાસિક દૃષ્ટિએ તપાસીએ તો, કુમારપાળ અને તેમના પૂજ્ય ગુરૂ હેમચંદ્રાચાર્ય સિવાય અન્ય સર્વે કવિની કલ્પનાથી આળેખાયેલા છે. તે વિશે આપણે વિશેષ આગળ વિચારીશું. (ક્રમશઃ)

ઝુલાસણ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# માનવ ચારિત્ર્યનું મુખ્ય ઉપાદાન.

( રા. અધ્યાયી. )

પ્રત્યેક મહાપુરૂષોનાં ચરિત્રોમાં એવા પ્રકારની ઘટનાઓ જોવામાં આવે છે કે તેમણે દીવ્ય–જીવન પ્રાપ્ત કરવાની ભીષણ પ્રતિજ્ઞા સ્વીકારી હોય છે, અને તે પ્રતિજ્ઞાનું ખંડન કરવા માટે તેની વિરોધી સત્તા આક્રમણ કરી રહી હોય છે. પ્રભુ મહાવીર, બુદ્ધ અને જીસસ, એ ત્રણેના ચરિત્રોમાં એ પ્રકારની વર્ણના જોવામાં આવે છે. પ્રભુ મહાવીર જ્યારે આત્મ સાક્ષાત્કારને માટે દૃઢ પ્રતિજ્ઞા ધારણ કરી તપસ્યા આદરી કાયોત્સર્ગ ભાવે ઉભા છે, ત્યારે તે પ્રતિજ્ઞા તોડવાને માટે આસુરી સંપત્તિના સંકેત રૂપ કોઇ એક દેવતા ત્યાં આવે છે, અને પ્રભુ મહાવીરને તેમની તપસ્યાથી ભ્રષ્ટ કરવા માટે અનેક અનુકુળ અને પ્રતિકુળ ઉપસર્ગોની પરંપરા યોજે છે. છતાં આખરે પ્રભુની પ્રતિજ્ઞા વિજયી થાય છે, દેવતાએ વિસ્તારેલી પ્રલોભન અને વેદનાની જાળ નિષ્ફળ જાય છે, અને આખરે કાયર થઇને તે અંતર્હિત થાય છે. આ મહા પ્રતિજ્ઞાના નિનાદથી બ્રહ્માંડ કંપી ઉઠે છે. અને દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરી પ્રભુની અચળ ટેકને વધાવી લે છે, અને પ્રભુના કામમાં સહાય કરવા લાગી જાય છે.

જેસસ ક્રાઇસ્ટના સબંધમાં પણ તેજ ભાવાર્થની વાત છે. ધર્મ પ્રચારના કાર્ય માટે બહાર પડતા પૂર્વે તે મહાત્મા ચાળીસ દીવસ અને ચાળીસ રાત્રી પર્યંત નિર્જન અરણ્યમાં ગંભીર ધ્યાને રહ્યા છે. તે વખતે શયતાન અથવા પાપ તત્વ તેમને લોભાવવા માટે આવે છે; ઘણા ઘણા પ્રલોભનો દર્શાવ્યા પછી આખરે જેસસ તે શયતાનને કહે છે કે "શયતાન, તું મારી નજરથી દુર જા." તે પાપ પુરૂષ ચાલ્યો જાય છે. દેવના દુતો આવી ધન્ય ધન્યના નાદથી જેસસને વધાવી લે છે, અને તેની સેવા કરવા લાગી જાય છે.

મહાત્મા બુદ્ધના જીવન ચરિત્રમાં પણ એને અનુરૂપ વૃતાંત છે. જ્યારે તેઓ મહા સંકલ્પ પૂર્વક બોધી વૃક્ષ તળે ધ્યાનસ્થ થાય છે, ત્યારે તે પાપ–તત્ત્વ જેને બુદ્ધ ધર્મ ગ્રંથોમાં "માર" શબ્દથી સંબોધ્યો છે, તે હાજર થાય છે અને નાના પ્રકારે તેમને તેમના સંકલ્પથી ભ્રષ્ટ કરવાની ચેષ્ટા કરે છે. બુદ્ધ દેવ મારની એકે વાતમાં લક્ષ્ય આપતા નથી. જ્યારે માર બહુ પ્રલોભન બતાવી તેમને તપોભ્રષ્ટ કરવા આગળ વધે છે, ત્યારે દૃઢ પ્રતિજ્ઞા સહિત તેને સંભળાવી દે છે કે:—"માર, માર, તું મારી દૃષ્ટિથી દુર થા." માર તુર્તજ ચાલ્યો જાય છે. દેવગણ પુષ્પવૃષ્ટિ કરે છે, અને પછી કુદરતની બધી સત્તાઓ તેમના નિશ્ચયને અનુકુળ અને સહાયક બની જાય છે.

આ દૃષ્ટાંતોથી આપણને શું બોધ મળે છે ? આ મહાપુરૂષોના જીવનના ઉપરોક્ત પ્રસંગો એમના ચારિત્ર્યના કયા મહાન્ તત્વનો નિર્દેશ કરે છે ? એજ છે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનામાં પાપ સામે લડવાની પ્રચંડ શક્તિ હતી. પ્રલોભનોને લાત મારી પોતાના સંકલ્પમાં અડગ રહેવાની તાકાત હતી. નિર્બળતા અને કાયરતાના આ યુગમાં આ મહાપુરૂષોના જીવનના ઉપરોક્ત પ્રસંગોની આપણને ખાસ ઉપયોગીતા છે અને આપણા ચારિત્રમાં તે એક અતિ આવશ્યક તત્વ પુરૂં પાડે તેમ હોઇ આ સ્થળે તેનું વિવરણ કરીશું.

મનુષ્યના સંબંધે એક " ચારિત્ર્ય " નામની વસ્તુ હોવાનું આપણે ઘણીવાર વાંચ્યુ અને સાંભળ્યું છે. તે કયા તત્વોનું બનેલું છે તે સંબંધે ઘણા ઘણા લેખકો અને બુદ્ધિમાનોએ અનેક સંભાવનાઓ ઉપજાવી છે. પરંતુ આપણા ચરિત્રનું મુખ્ય ઉપાદાન શું એમ મને પુછવામાં આવે તો હું એકજ ઉત્તર આપું કે–" પાપ સામે લડવાની શકિત " છે. આપણે ઘણીવાર એવા સજ્જનોના સંબંધમાં આવીએ છીએ કે જેઓ અત્યંત સદ્‌ગુણી, ભલા, નમ્ર સાધુતા સંપન્ન, સર્વનું મંગળ ઇચ્છવાવાળા, કોમળ સ્વભવના, કાન્ત ગુણોવાળા હોય છે. તેઓ મરતાને મેર કહેતા નથી, પાપથી સો ગાઉ છેટે ઉભા રહે છે. કોઈને અન્યાય થતો દેખી આંખમાંથી ચોધાર આંસુ વરસાવે છે; પરંતુ તેમનામાં પાપ સામે બાથ ભીડવાની શક્તિ હોતી નથી. પાપની સામે લાલ આંખ કરી એમ નથી કહી શકતો કે–" જા, પાપ, મારી ચક્ષુ આગળથી દૂર થા. " એ પ્રકારની દઢ પ્રતિજ્ઞાવાળા વાકયો બોલવા જેટલો તેમનામાં પ્રતાપ હોતો નથી. આ પ્રકારના ભલા માણસો જ્યાંસુધી પાપના પ્રલોભનોના સંબંધમાં આવ્યા નથી હોતા, ત્યાંસુધી પવિત્ર રહી શકે છે. જ્યાં સુધી લાલચો સામે લડવાનું નથી પ્રાપ્ત થયું, ત્યાંસુધી તેમના સદ્‌ગુણો નભે છે. પરંતુ પ્રલોભનો સાથે ભેટો થતા તેઓ પહેલાજ મોરચે તુટી પડે છે. અને અગ્નિ આગળ જેમ મીણ ઓગળી જાય તેમ તેમની સાધુતા ગળી જાય છે. આનું કારણ એટલુંજ કે માનવ–ચરિત્ર કાંઇ એકલા મંગળભાવોની સમષ્ટિ નથી, એકલા નિર્બળ, શાંત ગુણોનો સમુહ નથી, પણ તે સાથે પાપ સામે લડવાની તાકાદ પણ હોવી જોઇએ. અને તેમ હોય તોજ તેને ખરા અર્થમાં ચરિત્ર કહી શકાય.

મનુષ્યને ઘડીને મજબુત બનાવવા માટે કુદરતમાં બે પ્રકારના પરસ્પર વિરોધી તત્વોની ગોઠવણ જોવામાં આવે છે. દૃષ્ટાંત સ્વરૂપ, આપણે શરીરને બળશાળી બનાવવા માટે પુષ્ટીકર આહાર લઇએ છીએ. અને પરિપાક ક્રિયાદ્વારા તેને દેહના ધાતુરૂપે પરિણામીયે છીયે. તેજ રીતે બીજી બાજુએ આપણને કુદરતની વિરોધી શકિતઓ સામે પણ નિરંતર લડવાનું હોય છે, હાલવા ચાલવામાં તાપ, ઠંડી, અને વરસાદ સામે ટકર ઝીલવામાં આપણું બળ ઘસાઇ જાય છે. પરંતુ જે ઘસારો થાય છે તે આપણે અન્નથી મળેલી શક્તિ કરતાં સ્હેજ ઓછો હોય છે, તેથી આપણું શરીર નભે છે, અને વિરોધી શકિતઓ સામે લડીને બળવાન બની શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પ્રમાણે આપણી આંતરસૃષ્ટિ સંબંધે પણ સમજવાનું છે. આપણે સાધુ સમાગમ, શાસ્ત્ર શ્રવણ, અને તેવાજ અન્ય પ્રકારોથી ઉચ્ચ મંગળ ભાવોની શક્તિ મેળવીએ છીએ, અને તેને પાપ સામે લડવામાં ન વાપરીએ તો તે પ્રાપ્ત કરેલી ઉચ્ચ ભાવનાઓની શક્તિની કશીજ કીમ્મત નથી. કુદરતે આપણી આસપાસ સાધુતાના ઉપકરણો અને પાપની સાથે સંગ્રામ કરવાના પ્રસંગો ગોઠવી દીધા છે. જેમ સ્થુળ સૃષ્ટિમાં આપણે તાપ, ઠંડી અને વર્ષા સામે નભી ન શકીએ, તો જીવી શકીએ નહી. તેજ પ્રકારે આંતરસૃષ્ટિમાં જો આપણે પાપ સાથેના સંગ્રામમાં વિજયી ન થઈએ તો આપણું ચારિત્ર્ય ક્ષણવાર પણ નભે નહી. અને ચારિત્ર્યવિનાની આધ્યાત્મિકતા એ માત્ર ભ્રાન્તિ છે.

એ ઉપરથી જોઇ શકાય છે કે ખરા ચરિત્ર–ગઠન માટે બે વસ્તુની જરૂર છે. એક તરફથી ઉચ્ચ, મંગળ, સાધુતા–પૂર્ણ ભાવોની પ્રાપ્તિ અને બીજી તરફથી પાપ, અસાધુતા, અનિષ્ટનો અસ્વિકાર, ધર્મ પ્રત્યે પ્રેમ, અધર્મ પ્રત્યે વિદ્વેષ. અર્થાત્ પાપ સામે લડી તેનો પરાભવ કરવાની શક્તિ. જે લોકો ધર્મ, સાધુતા અને મંગળ ભાવો તરફ આદરભાવ ધરાવે છે, પરંતુ તેનાથી વિરોધી તત્વો પ્રત્યે વિરાગ ભાવવાળા હોતા નથી, અર્થાત્ તેમની સામે થવાને શક્તિ ધરાવતા નથી. તેઓ શરીરે સુંદર, સુકુમાર અને રૂપકડા હોવા છતાં સ્હેજ ઠંડી કે ગરમીના સંબંધથી માંદા પડી જનારા સુકોમળ મનુષ્યો જેવા છે. આવા સાધુઓની સાધુતા અને ધર્મવાનોનો ધર્મ લાંબો કાળ નભી શક્તો નથી. જ્યાંસુધી તેમને બહારના પ્રલોભનોરૂપી તાપ શીતનો સબંધ પ્રાપ્ત થયો નથી ત્યાંસુધીજ તેમના ઉચ્ચ ભાવો કાયમ છે.

એક દૃષ્ટાંત દ્વારા આ હકીકત અધિક સ્પષ્ટ કરીશું. લોર્ડ કર્ઝન જ્યારે આ દેશમાં વાઇસરોય હતા, તે વખતે એક સભા સમક્ષ તેમણે એવા ભાવનું કથન ઉચ્ચારેલુ કે આ દેશના લોકો અસત્યભાષી છે. આ કટુક્તિથી આપણા સ્વજાતિ પ્રેમને તે વખતે પ્રબળ આઘાત લાગ્યો હતો. આખો દેશ તે વખતે પોકારી ઉઠ્યો હતો કે " હિંદ પ્રત્યે કેટલો અન્યાય ! કેવું અવિચારી કથન! આ દેશમાં લાખો નરનારીઓ એવા છે કે જેમણે જીવનભરમાં અસત્ય વાકય ઉચ્ચાર્યું નથી. કોઇ વાર ખોટી સાક્ષી પુરી નથી. જીવન મરણનો કે સર્વસ્વ વિનાશનો પ્રસંગ હોવા છતાં પણ કરેલા કામનો અસ્વિકાર કરેલો નથી. અગર આપેલ વચનનું પાલન કરવામાં પાછા હઠ્યા નથી. લોર્ડ કર્ઝન સાહેબને કદાચ પોતાના કથન માટે પશ્ચાતાપ થયો હશે. આર્યાવર્તની પ્રાચીન સંસ્કૃતિ અને આધ્યાત્મિકતા તેમને યાદ આવતાં તેમણે પોતાનુ વાકય પાછું ખેંચી લેવાનો વિચાર પણ કદાચ કર્યો હશે. પરંતુ તેમના વાકય સામે દેશે ઉઠાવેલા પ્રતિરોધ સામે કદાચ તેઓ સાહેબે એમ પુછયું હત કે " વારૂ. ભલે તમે કદાચ અસત્યાનુરાગમાં હીન નહીં હો. પરંતુ તમારા સમાજમાં શું એવા માણસો ઉચ્ચ સ્થાન નથી ભોગવતા કે જેઓ મિથ્યાવાદી, પ્રવંચક, લુચ્ચા, પારકી થાપણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પચાવી પાડનારા, અને પાખંડ માત્રમાં પુરા હોય ! શું આવા માણસો તમારા સમાજમાં એટલો બધો તિરસ્કાર અને અધોગતિ પામી શકે છે કે જેથી તેઓ જગતમાં પોતાનું મોઢું પણ ન બતાવી શકે ? તેઓ પ્રત્યે તમારો સમાજ શું એટલા બધા હીન ભાવથી જુએ છે કે જેથી શરમના માર્યા તેને એકાંતમાં પશ્ચાતાપ પૂર્વક જીવન ગુજારવું પડે ? " કર્ઝન સાહેબની આ જીજ્ઞાસાનો ઉતર આપણે શું આપી શકત ? કાંઈજ નહી. કેમકે એ વાત સ્પષ્ટજ છે કે આપણે સત્યાનુરાગવાળા હોવા છતાં અસત્ય પ્રત્યે વિદ્વેષવાળા નથી. અધર્મ અને પાપાચરણ સામે લાલ આંખ કરવાની આપણામાં તાકાત નથી. આપણે આપણી ન્યાતોમાં, કુટુમ્બમાં, સમાજમાં ચોતરફ કયો દશ્ય નિહાળી છીએ. ? જેઓ સાચા જુઠા કરીને, પ્રવંચના કરીને, તર્કટથી પાંચ પૈસા મેળવી શકે છે, તેઓ કોઇ પણ પ્રકારની અડચણ કે પ્રતિરોધ વિના નાત–જાત અને સમાજમાં અગ્રસ્થાન રોકીને બેસે છે પાપને પ્રમુખસ્થાન રોકવા દેવા માટે કોઇ સ્હેજ પણ અવાજ ઉઠાવતું નથી. આપણે નિર્બળ બની તેમનું આધિપત્ય સ્વીકારીએ છીએ. અને પરોક્ષ રીતે તેના અનિષ્ટ આચરણ અને હીન ચરિત્રનું સન્માન અને પૂજા કરીએ છીએ. આમાં આપણો સત્યાનુરાગ કયાં શોધવો ? આપણે વિશ્વને એમ બતાવીએ છીએ કે " અમારી જાતીય પ્રકૃતિમાં સત્યાનુરાગ છે, પરંતુ તે સાથે જ્યાં જ્યાં અમારી મધ્યમાં મિથ્યા અને પાખંડ જોવામાં આવે ત્યાં ત્યાં તે સામે તીવ્ર કટાક્ષ કરવાની શક્તિ નથી. અમે મુંગે મ્હોએ નિર્બળતાથી તેમનું આધિપત્ય નભાવીએ છીએ. " આનું અનિવાર્ય પરિણામ સમાજની, દેશની, જ્ઞાતિઓની અને કુટુમ્બોની, સર્વની અધોગતિ છે.

આપણા સમાજની અત્યારે એજ પ્રકારની દુર્દશા છે. આપણા સ્વભાવમાં સત્ય, ન્યાય, ધર્મ દયા વિગેરે ઉચ્ચ તત્ત્વો હોવા છતાં તેના વિરોધીતત્વો પ્રત્યેનો દ્વેષ નથી. સમાજમાં જ્યાં જ્યાં અધર્મ, અનીતિ, અન્યાય, નિર્દયતા, પાખંડ, વ્યભિચાર, વિગેરે અનિષ્ટ તત્વો જોવામાં આવે, ત્યાં ત્યાં તેમને ધક્કો મારી બહિષ્કાર કરવાની તાકાત નથી. આપણા સ્વભાવમાં રહેલા ભવ્ય આદર્શો માત્ર આપણા જીવન–સમુદ્રના તળીએ છે. બહિર્જગતમાં તેમનું સામ્રાજ્ય નથી. અત્યારે તો કોઇ પ્રકારે પાંચ પૈસા ભેગા કરનાર પ્રત્યે આપણે માનની દૃષ્ટિથી જોઇએ છીએ. અને જ્યારે તેમના પ્રત્યે સન્માનથી જોવાય છે ત્યારે હરકોઈ પ્રકારે તેવું પદ મેળવનારાની સંખ્યા વધતી જાય છે. જ્યારે અસત્ અને જઘન્ય મનુષ્યોને સમાજમાં ઉચ્ચ સ્થાન મળવાની તક હોય છે ત્યારે તેવા મનુષ્યોની એકદમ વૃદ્ધિ થવા માંડે છે. કાળે કરી સમાજનો મૂળ આદર્શ ભ્રષ્ટ થાય છે, અને કળીયુગ અગર પંચમકાળનો પ્રભાવ સર્વના હૃદયોમાં આધિપત્ય ભોગવે છે.

સાધુ અને અસાધુ, સારા અને નરસા, ધર્મવાન અને અધર્મી મનુષ્યો પ્રત્યેક જાતિ, સમાજ અને દેશમાં હોયજ છે. તે તત્વોનું સર્વથા ઉત્પતન કોઇ કાળે બને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવું નથીજ. કેમકે કુદરતમાં એ બન્ને તત્વોનું યુગપત અસ્તિત્વ અનિવાર્ય અને આવશ્યક પણ છે. પરંતુ જે દેશ, સમાજ કે જ્ઞાતિમાં પાપનો પ્રતિરોધ કરવા જેટલી પુણ્યની શક્તિ સર્વદા જાગૃત નથી, અને પાપીઓ હમેશાં ભય અને સંકોચથી રહેતા નથી, તે સમાજ, દેશ કે જ્ઞાતિમાં ધર્મ નથી. તે મંડળ ભલે ગમે તેટલું મહાન હોય પણ તે ધર્મ-મંડળ તો નથીજ. જે સમાજમાં પુણ્યાત્માઓને ઉચ્ચ સ્થાન મળે છે, અને તેમના પ્રત્યે સન્માન અને આદરભાવથી જોવાય છે, તેજ સમાજમાં ચારિત્ર છે, ધર્મ છે, પ્રાણ છે. જે સમાજમાં દુરાત્માઓ છાતી ફુલાવીને નિઃસંકોચે, ઉર્ધ્વદૃષ્ટિથી, છાતી ફુલાવીને ચાલી શકે છે, અને છતાં તેમને સામાજીક અવગણનાની ભીતિ રાખવી પડતી નથી, તે સમાજમાં ચારિત્ર્ય નથી. તેનો પ્રાણ, તેનો ધર્મ નષ્ટ થયો માનવા યોગ્ય છે.

સમાજ સંબંધે જેમ ઉપરોક્ત કથનો સત્ય છે, તેમ વ્યક્તિ પરત્વે પણ તેમજ છે. મનુષ્ય માત્રમાં પુણ્યભાવો અને પાપવાસનાઓ, સાધુ અને અસાધુભાવો, ધર્મ અને અધર્મની વૃત્તિઓ નિરંતર હોયજ છે. એ ઉભયના દ્વંદ અને ઘાત-પ્રતિઘાતમાં થઈનેજ આત્માને તેનો ઉર્ધ્વગામીપથ શોધવાનો છે. એ બન્ને ભાવો પગલે પગલે તેના સમક્ષ આવી ઉભા રહે છે, અને ઉભયભાવો પોતાના સ્વીકાર અને બીજાના અસ્વીકાર માટે આપણા અંતરાત્મા આગળ આગ્રહ કરે છે. આવા પ્રસંગોમાં જે આત્માઓ મંગળ અને ઉચ્ચભાવોનો સ્વિકાર કરે છે, અને હીન અને પાપભાવોને પ્રભુ મહાવીર, માફક "મારી સામેથી ચાલ્યો જા" એમ કહેવાની તાકાત દર્શાવે છે, તેવા મહાભાગ્ય મનુષ્યોનેજ ચારિત્ર્ય છે એમ કહી શકાય. તેમનેજ ધર્મજીવન પ્રાપ્ત થયું છે એમ ગણાય. પરંતુ જેમને સાધુતા પ્રત્યે કોઇ જાતની સવિશેષ સ્પૃહા નથી, અને તેનાથી વિરોધી ભાવો સામે તિરસ્કાર નથી, તેને નથી ચારિત્ર કે નથી ધર્મ-જીવન.

પ્રભુ મહાવીર, વગેરેના પાપઉપરના વિજયમાંથી એક બીજું સુંદર રહસ્ય ઉપલબ્ધ થાય છે. જ્યારે તેઓ પ્રલોભનને વશ ન થતાં પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા, ત્યારે તેમના ઉપર દેવોની પુષ્પવૃષ્ટિ થયેલી, અગર દેવોના દુદુંભિ નિનાદ થએલા, અગર તેમણે ધન્ય ધન્ય શબ્દનો ધ્વનિ કરેલો, અને તે મહાપુરૂષોના જીવનભર દાસ થઈને દેવો રહેલા હતા એમ શાસ્ત્રો કહે છે. આ પ્રસંગમાં એક ગંભીર ઉપદેશ આપણા માટે રહેલો છે. તે એ કે જ્યારે મનુષ્ય પાપ અને અધર્મ સામેના યુદ્ધમાં દૃઢ પ્રતિજ્ઞાવાળો રહે છે અને પોતાના સદ્‌ગુણમાં અચળપણે સ્થીર રહે છે, ત્યારે દેવતાઓ તેને અવશ્ય સહાય કરે છે. અલ્પમાં આખી કુદરત, આખું વિશ્વ, તેની સહાય કરવા લાગી જાય છે. મનુષ્ય જ્યારે સત્ થવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિજ્ઞા કરે છે, ધર્મ, દયા, પરોપકાર, જનસેવા, ન્યાય આદિ પ્રશસ્ત ભાવોમાં સ્થીર રહેવાની ચેષ્ટા કરે છે, ત્યારે દૈવ જરૂર તેને મદદ કરતો હોય છે. મનુષ્યને ફક્ત તેની પ્રતિજ્ઞામાં બળવાનપણે અડગ રીતે નભી રહેવાની જરૂર છે. પ્રિય બંધુ, તમે એકવાર સ્થિર વૃતિથી સુદૃઢચિત્તે જરા આટલો સંકલ્પ કરો કે–જે કાંઇ અસત્ અધર્મ, અન્યાય, પાપયુક્ત છે તેનો હું સ્વીકાર કરીશ નહી, મારૂં તન, મન, ધન જીવન અને સર્વસ્વ કાલે જતું હોય તો ભલે આજ જાય, પરંતુ હે પ્રભો ! હું તારા આદેશથી પતિત થઇશ નહી. તો પછી તમે જોશો કે જગત અને જગતની તમામ વિભૂતિઓ તમને અનુકુળ થઇ જશે. જેઓ ઇશ્વર અને ઇશ્વરદત્ત આદેશો સિવાય બીજી તરફ નજર કરતા નથી તેનો વિજય કોઇ રોકી શકવા સમર્થ નથી.

આપણા નિત્યના આચાર અનુષ્ઠાનોમાં આપણે અનેકવાર બોલીએ છીએ કે હું "ધર્મનું શરણ ગ્રહણ કરૂં છું." પરંતુ હૃદયમાં, ધર્મના આખરી વિજયમાં શ્રદ્ધા બહુ વીરલ પુરૂષોને હોય છે. શ્રદ્ધાહીન મનુષ્યો ક્ષણીક લાભ, અસ્થાયી સુખ અને અલ્પજીવી યશ માટે ધર્મનું શરણ જતું કરી પાપની બાહ્ય સુંદરતામાં ફસાય છે. જેણે ખરા અર્થમાં "ધર્મનું શરણ" ગ્રહ્યું છે તેઓ આ વિશ્વમાં જે ધર્માવહ તત્વ નિરંતર કામ કરી રહ્યું છે તેના સુખદ ખોળામાં નિશ્ચિંતપણે સુતા હોય છે. કેમકે તેમણે પોતાનું સર્વસ્વ ધર્મને અર્પણ કર્યું હોય છે. ધર્માચરણ સિવાય અન્યને માટે તેમના જીવનમાં સ્થાન નથી.

ધર્મનું ગ્રહણ કરતા વિજય થશે કે નહી તેની ચિંતા સત્પુરૂષોને હોતી નથી, તેઓને એકજ ચિંતા હોય છે કે "મેં ધર્મનો આશ્રય તો નથી છોડયો ?" તેમને લાભ હાનીનો ભય હોતો નથી, તેઓ પોતાને અને પોતાના ક્ષુદ્રસ્વાર્થને જોતા નથી. તેઓ તો પરમ પુરૂષ મહાત્માનો હાથજ જ્યાં ત્યાં નિહાળે છે, અને તેના આદેશને અનુસરે છે અને તેમ કરવામાં "જે કાંઇ જતું હોય તે ભલે જાય અને રહેતું હોય તે ભલે રહે" એજ ભાવથી આ જગતમાં વિહરે છે.

ધર્મનો વિજય થશે કે નહી એ વિષે પણ સત્પુરૂષોને ચિંતા હોતી નથી. અલ્પજ્ઞો એમ માને છે કે આ યુગમાં ધર્મીને ત્યાં ધાડ અને પાપીને ત્યાં આનંદ મંગળ હોય છે. પણ ખરી રીતે ધર્મનું સ્વરૂપ બાહ્ય સામગ્રી કે ઉપકરણોથી નકી થઇ શકતું નથી. ધર્મનો બાહ્ય પરિવેશ અનેકવાર દુઃખ, કલેશ, દર્દ, ગરીબાઇ, નિર્ધનતા વિગેરે હોય છે, અને અધર્મનો તેથી સાવ ઉલટો હોય છે. બાહ્ય સૌંદર્ય એ ધર્મનું લક્ષણ નથી, તેમ તેથી વીપરીત એ અધર્મનું નથી. ધર્મનું ખરૂં માપ અંતરમાં છે, આપણા હૃદયસ્થિત પરમાત્માની પ્રસન્નતા છે.

અને સહુથી ખરી વાત તો એ છે કે ધર્મનો વિજય થશે કે નહી એ ચિંતા રાખનાર આપણે કોણ ? એ ચિંતા રાખનાર સત્તા પોતાનું કામ નિર્ભ્રાન્તપણે કર્યે જાય છે. આપણને કોઇવાર એવી ચિંતા કેમ થતી નથી કે "આ અનંત ગગનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગણ્ય ગ્રહ, તારા, નક્ષત્ર નિરંતર ભ્રમણ કરે છે, તેમાંથી જો એકાદ પોતાની કક્ષાથી ભ્રષ્ટ અગર પથ–ભ્રાન્ત થઇને કોઇની સાથે ભટકાશે તો આખા બ્રહ્માન્ડના ચુરેચુરા થઇ જશે ?" જો કોઇ માણસને આવી ચિંતા થાય તો આપણે તેને શું કહીએ ? આપણે જરૂર તેને હસતા હસતા કહીએ કે "અરે ભલા આદમી, તું તારે ખાઇ પીને મોજ કર, તું તારૂં સંભાળ. જગતની ચિંતામુકી દે." તેવીજ રીતે કોઇ એવી ચિંતા કરે કે "જો ધર્મને સંભાળવા જઇએ તો ઘડીએક નભી શકાય નહી. પગલે પગલે સહુને સાચા જુઠાના પ્રસંગો આવે છે, અને કોને ખબર છે કે ધર્મનો વિજય થશેજ ?" તો તેને આપણે ઉત્તર આપવો ઘટે કે "મુર્ખ, ધર્મનું જેણે આ જગતમાં સ્થાપન કરેલ હશે તે ધર્મનો વિજય થયેલો જોવાની ચિંતા રાખતો હશે. તું પોતે તારા ધર્મને સંભાળ."

એ વાત જરૂર હમેશાં સ્મૃતિમાં રાખવી ઘટે છે કે ધર્મનો આશ્રય ગ્રહણ કરનારની પછવાડે આખું જગત સહાય કરવા નીકળી પડે છે, જે માણસો એમ માનતા હોય છે કે "અમારા હૃદયમાં થતા ધર્મ અને અધર્મના તત્વોના સંગ્રામના કોઇ સાક્ષી નથી, અમે એકલાજ અમારૂં સંભાળીએ છીએ. અમારા સારા કાર્ય અને વિચારોમાં કોઇની સહાય કે ભાગીદારી નથી." તેઓ ભૂલે છે. તેમને ખબર નથી કે તેમના શુભ સંકલ્પો અને ઉત્તમ આચારોને વધાવી લેવા આખું જગત રાહ જોઇને બેઠું હોય છે, અને આ વિશ્વની મંગળ સત્તાઓ તેને ઉત્તેજીત કરી તેના શુભ સંકલ્પોની સીદ્ધિ અર્થે મદદ કરતી હોય છે. ઘણા માણસોને આ આશાપ્રદ નિયમની ખબર હોતી નથી તેથીજ તેઓ નિરાશ થાય છે' અને પોતાના ઉત્તમ નિશ્ચયોને ઢીલા મુકી પતન પામે છે.

પાપ તરફનો વિદ્વેષ જેમ મનુષ્યના ચારિત્ર્યનું એક મુખ્ય ઉપાદાન છે, તેમ પ્રતિજ્ઞાનું બળ એ પણ એક મુખ્ય વસ્તુ છે. આપણા શાસ્ત્રોમાં વ્રત ગ્રહણ કરવાની જે પરિપાટી છે તેનો મુખ્ય આશય એજ છે કે તે દ્વારા માનવ–ચરિત્રમાં એક પ્રકારની પ્રતિજ્ઞાની શક્તિ ઉપજાવવી. જે મહાનુભાવો દૃઢ પ્રતિજ્ઞાથી સુસજ્જીત હોય છે તેમને સર્વની સહાય અવશ્ય હોય છે. ખરીરીતે મનુષ્યને તેવી સહાય માગવાનો હક ત્યારેજ ઉત્પન્ન થાય છે કે જ્યારે તેણે પોતાની પ્રતિજ્ઞામાં બળ મેળવ્યું હોય, તેવી સહાય નિર્બળ, કાયર અને પ્રતિજ્ઞાના બળ વિનાના પામરોને મળતી નથી. પાપમાંથી પોતાનો ઉદ્ધાર કરવાની પ્રાર્થના કરવાવાળાએ પ્રથમ એ જોઇ જવું ઘટે કે તે પોતે સ્વપ્રયત્નથી પાપના કીચડમાંથી કેટલો બહાર આવ્યો છે ? તેણે પોતે પાપમાંથી પોતાની ભાગીદારી છુટી પાડવાનો પ્રયત્ન કરેલ છે કે કેમ ? જેઓ બળહીન છે, જે પ્રલોભનો સ્રોતમાં તરખલાની પેઠે ઘસડાઇ જવાના સ્વભાવવાળા છે, જે ભોગોમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**અનુરક્ત છે, આત્મોન્નતિના સાધનોથી વિમુખ છે, સારા નરસા સંયોગોને સહેલાઇથી આધીન થાય તેવા નિર્બળ છે, તેમને દૈવી અમોઘ સહાયનો અધિકાર નથી. મનુષ્યની સાર્વદેશીય ઉન્નતિનો મૂળ આધાર સ્વાવલંબન ઉપર છે, તેના આંતર-બળ, પ્રતિજ્ઞા, ટેક અને દૃઢ નિશ્ચય ઉપર છે. મનુષ્ય પરમાત્મપણું મેળવે તેમાં પણ આધ્યાત્મિક શક્તિનો પ્રયોગ કરવો પડે છે. બળવાનની પ્રતિજ્ઞા નિભાવવા દૈવી-શક્તિ નિરંતર હાજર રહે છે. પરંતુ જેઓ પાપની સાથે પતાવટ કરી તેની સાથે ભાઇચારો રાખે છે, અને તે પ્રકારે દુશ્મનના હાથમાં પોતાના આત્માને સમર્પી દે છે, તેઓ દૈવી સહાયને મેળવવાવાળો થઇ શકે નહી. જેઓ હૃદયના સમગ્રબળથી એમ બોલી શકે છે કે મારે મૃત્યુ નથી જોઇતું, પણ જીવન જોઈએ છીએ, વિષયોની આસક્તિમાં બંધાઇને રહેવું નથી, પણ ધર્માવહ પરમ પુરૂષના સન્નિધાનમાં વાસ કરી રહેવું છે, તેઓજ ઇશ્વરને મેળવી શકે છે. કેમકે તેમનામાં ચારિત્ર્ય છે અને ચારિત્ર્ય વિના પરમાત્મપદની પ્રાપ્તિ હોયજ નહી.**

# પ્રકીર્ણ.

**જ્ઞાતિ સંમેલન**—ગોહલવાડ પ્રાંતની વીસાશ્રીમાળી જ્ઞાતિનું એક સંમેલન ગયા માસમાં વળા મુકામે થયું હતું. જેમાં સુમારે ત્રણશેંહ જ્ઞાતિ ગૃહસ્થોએ હાજરી આપી હતી, સં. ૧૯૫૨ ની સાલમાં પ્રથમ સંમેલન વખતે થયેલ ધારાઓમાં, કેટલાક જમાનાને અનુસરી સુધારા વધારા આ વખતે કરવામાં આવ્યા હતા. જેમાં ખેંચાણ કારક ધારો સમગ્ર જ્ઞાતિમાંથી કન્યાવિક્રયનો કુરીવાજ સદંતર બંધ કરવામાં આવ્યો તે છે. વણિક કોમ જેવી ઉંચી કોમ, જૈન-ધર્મ જેવા ઉચ્ચ ધર્મ પામેલમાં આ રાક્ષસી રીવાજ હોવોજ ન જોઇએ તેથી તેને નષ્ટ કરવાનો ધારો કરવામાં આવ્યો તે તો ઉચ્ચ કાર્ય થયેલું અમે માનીયે છીયે. અને તેનું અનુકરણ કરવા દરેક જ્ઞાતિને સુચના કરીયે છીયે; પરંતુ માત્ર તેવો ધારો કરવાથીજ ઘણા વખતથી જડઘાલી બેઠેલ તે કુરિવાજ જતો નથી, પરંતુ તેવા કારણો જાણી, મૂળ શોધી તેને નષ્ટ કરવાથી તે નાબુદ થાય છે. શ્રીમંતો ગરીબની કન્યા ઘણે ભાગે લેતા નથી અને ગરીબોને બીલકુલ આપતા નથી; તેમજ નાના ગામથી તે ઠેઠ મોટા શહેર સુધી તમામ મોટા શહેરમાં જ માત્ર પોતાની કન્યા સારે ઘરે આપવાના વિચારવાળા હોવાથી ગામડાવાળાઓને કન્યાઓ માટે ફાંફાં મારવાં પડે છે. આ પ્રમાણે પચીશ વર્ષ પહેલાં અત્યારની જેવી સ્થિતિ નહોતી, તેથી અત્યારે ગામડાવાળા અને વળી ગરીબ માણસોને પૈસા આપવાથીજ કન્યા મળતી, જેથી આ બાબતમાં કેટલીક સમાનતા થવાની જરૂર છે. બીજું આજીવિકાના અભાવે પણ કન્યાવિક્રય થાય છે, અને ત્રીજું લગ્ન પ્રસંગના ખર્ચ ખુટણના વગર જોગવાઇથી પણ તેમ બનતું. તે બાબતમાં જાણવા પ્રમાણે ખર્ચનો બોજો પણ આ સંમેલનમાં કેટલોક ઘટાડવામાં આવ્યો છે તે યોગ્ય છે. પરંતુ આજીવિકાના સાધન માટે જ્ઞાતિફંડોની તેમજ જ્ઞાતિના શ્રીમંત આગેવાનોની ઉદારતાની જરૂર છે. પોતાના તેવા કન્યાવિક્રય કરનારા બંધુઓને પોતાની ઉદારતા બતાવી તે કલંક ન વહોરવા દે તો, તેમજ જ્ઞાતિફંડો કર્યા તેમાંથી પણ ફાળો આપવામાં આવે, આજીવિકાના સાધનો કરી આપવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો ઘણે ભાગે ઘણે અંશે તે કુરીવાજ નષ્ટ થતો જશે. પરંતુ પોતાના જ્ઞાતિ બંધુની તે અધમ દશા થતી અટકાવવા પોતાનો ધંધો, સ્વાર્થ, કમાઇ, છોડી ફકીરી લઇ બંધ કરવાની કોને પડી છે ? આ દુષ્ટ રીવાજ બંધ કરાવવા તેવા સ્વાર્થત્યાગી મનુષ્યો બહાર નીકળવાની જરૂરીયાત જોઇએ છીયે. તે ગમે ત્યારે બને ! પરંતુ આ સંમેલનમાં ભાગ લેનાર બંધુઓ તો કન્યાવિક્રય કરનારા હોયજ નહિ; તેમ તેઓએ હવે તો પોતાના કુટુંબ કે ગામના જ્ઞાતિબંધુઓ કરે તો ગમે તે ભોગે અટકાવવા જોઇએ, પછી તે રીવાજ અધર્મ છે તેમ સમજાવી, ઉપદેશ આપી, પૈસાની મદદ આપી, છેવટે નિષ્પક્ષપાતપણે જબરાઇથી ધારાનું પાલન કરાવી, અને છેવટે શિક્ષાનો અમલ કરાવી. આવું જ્યાંસુધી અંતઃકરણમાં સચોટ ન થાય ત્યાં સુધી તેનો અમલ થશે નહિ. જ્ઞાતિધારાઓ ઘડાયા પછી અમુક વખતે તેનો અમલ ન થતાં વિરૂધ્ધ-વર્તન થાય છે તેમાં જ્ઞાતિબંધુઓ માટે લાગણીનો અભાવ, ધારા પ્રત્યે માનની દ્રષ્ટિ ઓછી, ધંધા અને સ્વાર્થને લઇ બેદરકારી, જ્ઞાતિ આગેવાનોના આંખ વિંચામણાં, પક્ષપાતપણું અને ધારાઓના ભંગથી પહેલ કરવાપણું એ કારણો છે; તો તેને દૂર મુકી જ્ઞાતિના હિત માટે તેની થતી અધોગતિ અટકાવવા માટે, જ્ઞાતિ અને ધર્મના સંરક્ષણ માટે પોતાનું હિત સમજી દરેક જ્ઞાતિ બંધુઓએ તે ધારાનો અમલ કરવો કરાવવો તેમાંજ તેનું કર્ત્તવ્ય છે. સંમેલનમાં એકઠા થવું અને ધારા ઘડવા તે પ્રમાણે પાળવા, વચનથી, સહીથી બંધાવું તે એક પ્રતિજ્ઞા છે, તો તેનું પાલન અવશ્ય કરવું. અમો આ કાર્ય માટે અમારો આનંદ જાહેર કરીએ છીએ. આ દુષ્ટ રિવાજ સદંતર નાશ થયેલો જોવા ઇચ્છીએ, અને છેવટે એટલી સુચના કરીએ છીએ કે જે જે ધારાઓ કરવામાં આવ્યા તેમાંથી કોઇ ભવિષ્યમાં જો સખ્ત લાગે, જલદીથી પરિપાલન કે અમલ થતો ન લાગે તો એક વર્ષ પછી ફરી ભેગા થઇ તેમાં થોડી ઘણી છુટ મુકી સુધારો વધારો કરી તેનો અમલ કેમ જલદીથી થાય તેવા પ્રયત્નો આ જ્ઞાતિબંધુઓ કરશે, તો આ વખતે વળા મુકામે કરેલી મેહેનત સફળ થશે, અમો તેમ થતાં જ્ઞાતિની સમગ્ર ઉન્નતિ ઇચ્છીએ છીએ.

*　　*　　*　　*　　*

શેઠ આણંદજી કલ્યાણજીની શ્રી સિદ્ધક્ષેત્રની પેઢીના વહીવટદાર મુનિમ દેશાઇ ગુલાબરાય દાજીભાઇ આ માસની શુદ ૩ ના રોજ છાપરીઆળી પાંજરાપોળની તપાસ કરવા જતાં અચાનક સ્વર્ગવાસ પામ્યાછે, ભાઇગુલાબરાય સ્વભાવે મિલનસાર, માયાળુ અને સજ્જન પુરૂષ હતા. રાજ્યના નોકરો, પ્રજા અને યાત્રાળુઓ સાથેનું તેનું વર્તન મીઠાશવાળું હતું, તેઓ કેટલાક વર્ષો સુધી શ્રી ગિરનારજી તીર્થમાં અને હાલમાં શ્રી શત્રુંજય તીર્થમાં મુખ્ય મુનિમ તરીકે કાર્ય કરેલ હોવાથી બધી રીતે માહેતગાર અને તૈયાર હતા અને રીતભાત, તપાસ અને હક્કોના રક્ષણ માટેના અનુભવી હતા. સાંભળવા પ્રમાણે તેવા માહેતગાર અનુભવી જુનો માણસ હાલ કોઇ નથી, જેથી તેની ખામી પડી છે. જે માટે તેમના પરિચયમાં આવનાર દરેક મનુષ્યની જેમ અમો પણ આ ખેદકારક બનાવ માટે અત્યંત દીલગીર છીએ. તીર્થસ્થળમાં કેટલેક ઠેકાણે બે કાર્ય મુનિમને માટે મોટા જોખમ ભરેલા હોય છે. એક વહીવટીકામ—નોકરો ઉપર દેખરેખ તીર્થની સંભાળ, દેવપૂજા ગુરૂભક્તિ સંઘભક્તિ યાત્રાળુઓની દરેક પ્રકારની સગવડતા સાચવવા આવક ખર્ચ ઉપર ધ્યાન સંભાળ વગેરે—બીજું તીર્થના હક્કનું ન્યાય અને ધર્મના ફરમાન મુજબ સુલેહ શાંતિવાળું રક્ષણ. બીજું કાર્ય કેટલાક દેશી રાજ્યો સાથે કામ હોવાથી કેટલીક વખત હક્ક માટે ન્યાયકોર્ટમાં જવું પડે કે રાજ્યપ્રકરણી જવાબો આપવા પડે તેપણ મોટુંજ કાર્ય છે. આ બંને કાર્યો એકજ મુનિમને સોંપવા પડે અને તેઓ ન્યાય, કાયદો, હક્કનું રક્ષણ વગેરે કાય-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દાઓનું જવાબ આપવા વગેરેનું કાયદાનું કે રાજ્યપ્રકરણી જ્ઞાન ન હોય કે ઓછું હોવાના સબબે કેટલીક વખત આડું અવળું વેતરાઇ ન જાય, ખર્ચના મોટા બોજામાં ન ઉતરવું પડે અને સુલેહ શાંતિ ન્યાયથી એક સરખી રીતે તીર્થના હક્કોનું રક્ષણ થાય તેટલા માટે બંને ખાતા જુદા જુદા પાડી, તે તે કાર્યના અનુભવી બે નોકરો તીર્થક્ષેત્રમાં અને તેપેઢીમાં રાખવાની અમો શેઠશ્રી આણંદજી કલ્યાણજીની કમીટીને નમ્ર સુચના કરીએ છીયે. પ્રથમ કાર્ય માટે શ્રદ્ધા અને અનુભવવાળો જૈનધર્મ પાલનાર માયાળુ મુનિમ વહિવટી કામ માટે, બીજા કાર્ય માટે ગમે તે જ્ઞાતિનો ઉપરના જ્ઞાનવાળો અનુભવી અને ઠરેલ પ્રકૃતિનો મુનિમ હોવો જોઇએ. બીજા કાર્ય માટે રાખેલ મુનીમ જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે વહીવટી કામવાળા મુનિમની સલાહ અને સહકારથી કાર્ય કરે જેથી આખો વહીવટ સરલતાથી ચાલી શકશે તેવી ગોઠવણ કરવા અમો હાલતો વિનંતિ કરીએ છીયે.

છેવટે સદ્દગત્ બંધુ ગુલાબરાયભાઇના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પ્રાર્થના કરીએ છીએ.

## વર્તમાન સમાચાર.

અમોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે, આ સભાના સભાસદ બંધુ ઓધવજી ધનજીભાઈ ભાવનગર નિવાસી હાલમાંજ સોલીસીટરની માનવંતી પરિક્ષામાં પસાર થયા છે. તેઓ પ્રથમ બીએ. અને એલ. એલ. બી. ની પરિક્ષામાં પાસ થયેલા હતા. ત્યારબાદ આ ઉંચી વકીલાતની પરિક્ષા પસાર કરી છે. પોતાની સામાન્ય સ્થિતિ છતાં તીવ્ર પ્રયત્ન, ખંત, ઉત્સાહ અને અથાગ મેહેનતના ભોગે આ સ્થિતિએ પહોંચ્યા છે. તેનો અન્ય વિદ્યાર્થીઓએ દાખલો લેવાનો છે. અમો તેમને મુબારકબાદી આપવા સાથે જૈન કોમના હિત માટે પણ પોતે કાંઇ કરી બતાવશે એવી સુચના આપતાં ભવિષ્યમાં તેઓની આબાદી અને ઉન્નતિ થાઓ તેમ ઇચ્છીયે છીયે.

## ગ્રંથાવલોકન.

**તરૂણ ગુજરાત માસિક પત્ર**—નો પ્રથમ અંક અમોને અભિપ્રાય માટે ભેટ મળેલ છે. વર્તમાન કાળમાં રાષ્ટ્રીય હીલચાલનો ભગીરથ પ્રયત્ન જ્યાં ચાલે છે ત્યાં દેશની પ્રજાને ખરૂં સ્વરૂપ સમજાવવાનું ભાષણો, ઉપદેશો અને ન્યુસપેપરો જે કાર્યને કરે છે તેવું કોઇ કરી શકતું નથી. દિવસાનુદિવસ નવા નવા ન્યુસપેપરો પ્રકટ થાય છે તેવા સંયોગમાં આ માસિકનો અંક આવકારદાયક વધારો કરે છે. તેમાં આવેલા સ્વદેશી પ્રચાર, રાષ્ટ્રોન્નતિ, દેશનું ખરૂં દર્શન વગેરે લેખો જેમ સમયાનુસાર હીલચાલનું ભાન કરાવે છે, તેમ કેટલાક ઇતિહાસિક લેખો, પ્રાચીન ગુજરાતની સંસ્કૃતિના આછા સ્મરણો, જીવન ચરિત્ર અને કાવ્યો વિગેરે સાહિત્યનો પ્રકાશ પાડનાર ખાસ લેખો છે, તે સર્વ લેખો વિદ્વાન લેખકોના હોઇ ખાસ વાંચવા જેવા છે, એમ સાહિત્યના અભ્યાસીઓ અને વાંચકોને અમે ભલામણ કરીયે છીયે. પ્રકાશકના આ કાર્યને અમો ધન્યવાદ આપીયે છીયે. માસિક પત્ર નિયમિત પ્રકટ કરવું, તેની વ્યવસ્થા કરવી અને તે કાયમ નિભાવવું અને વાચકને નવો નવો દરમાસે લેખ રૂપી ઉત્તમ ખોરાક આપવો તે કઠીન કાર્ય છે એમ પ્રકાશકને સૂચના આપતાં ધૈર્યતાથી, સહનશીલતાથી દીર્ઘદૃષ્ટિથી કામ લઇ કાર્ય કરવું તેવી સુચના સાથે ભવિષ્યમાં આ માસિકની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સારા વિચારો.

"સારા વિચાર કરનાર માણસ સંસારમાં સારાસાર સમજી શકે છે; અને બીજા મનુષ્યનું તેના તરફનું વર્તન બહુજ સારી રીતે તે કળી શકે છે, જીવનનું સાચું જ્ઞાન તો તેજ સંપાદન કરે છે, વસ્તુઓનું સાચું સ્વરૂપ તે સમજી શકે છે, તે જાણે છે કે આખું વિશ્વ સત્યનેજ આધારે ટકી રહેલું છે, તે દરેકને ચાહે છે, તેની ખાત્રી છે કે સત્ય આખરે જીતશે; સત્ય આખા વિશ્વમાં, અને દરેક વ્યક્તિમાં પણ પ્રાધાન્ય પદ ભોગવશે, સત્યનો સદા વિજય થશે, કારણ કે અસત્ય પોતાની મેળેજ પોતાનો નાશ કરે છે.

"વિશ્વમાં સત્ય કોઈ દિવસ હારતુંજ નથી; ન્યાય દૂર થઇ શકતોજ નથી; માણસ જે કાઇ કરેછે તેમાં ન્યાયનું પ્રાધાન્ય હોય છે; અને તે ન્યાયને દૂર કરવા કોઇ શકિતમાન નથી, આવી માન્યતાથી જ સારા વિચાર કરનારને સર્વદા શાન્તિ મળે છે, અને તેથીજ તે આનંદ ભોગવે છે."

"ઇર્ષ્યા, વિષયવાસના અને ગર્વથી જેનું હૃદય કલંકિત થયું નથી, તેજ સારા વિચાર કરી શકે છે; જેની દૃષ્ટિ હમેશાં નિર્મળ હોય છે, જેના શત્રુઓ પોતાની શત્રુતા દાખવવા ઇચ્છતા નથી; જ્ઞાન ન હોય તેવી વસ્તુઓનું લાંબુ વિવેચન કરવા જે સમૂળગો ઇચ્છા રાખતો નથી, તેજ સદૈવ શાંતિ ભોગવે છે"

"માણસ વિદ્વાન હોઇ શકે, પણ જો તેનામાં ડહાપણ ન હોય તો તે સારા વિચાર કરી શકે નહિ. વિદ્યાથીજ દુર્ગુણો ઉપર જીત મેળવાતી નથી, પણ પોતાની જાતનેજ દાબમાં રાખવાથી મનુષ્ય દુર્ગુણોને દબાવી દે છે. સદ્ગુણ કોઇ દિવસ ચળતો નથી, જેઓ સદ્ગુણ અને સત્યનાજ વિચાર કરે છે અને જેઓ સત્યને આધારેજ વર્તન ચલાવે છે, તેઓજ જીવનમાં અને મરણ સમયે જીતે છે; કારણ કે સદ્ગુણ ચોક્કસ જીતે છે. પ્રમાણિકતા અને સત્ય વિશ્વના સ્તંભો છે."

"વિજય-ધ્વજ" માંથી

For Private And Personal Use Only